
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૭૫ - મે ૨૦૧૭ રૂા. ૫/૦૦

## ૪૫૧ સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવં નારાયણયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો - ભુજ



દિપપ્રાગટ્ય



પોથી પૂજન



પોથી પૂજન



સંતસભા



સંહિતા પાઠ

# ૪૫૧ સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

એવં

## નારાયણયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો - ભુજ



વ્યાસપૂજન

પોથીયાત્રા

પિતૃ પૂજન

શ્રીકૃષ્ણ જન્મોત્સવ

શ્રીકૃષ્ણ જન્મોત્સવ

રૂક્ષ્મણી વિવાહ

રૂક્ષ્મણી વિવાહ


## પંચાળા રાસોત્સવ દ્વિશતાબ્દિ ઉપક્રમે યોજાયેલ દિવ્ય મહારાસ-રવાપર



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭ અંક-૧ મે-૨૦૧૭
સળંગ અંક-૩૭૫

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ મોકલવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન: ૩૭૦ ૦૦૧.
ફોન: ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org

## અનુક્રમણિકા

| | |
|---|---|
| શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્યનું જીવન ચરિત્ર | ૫ |
| કુકર્મી કુબુદ્ધિના કાળ સુખકારીજી ! | ૧૧ |
| જેતપુરનાં કડવીબાઈ | ૧૨ |
| રામાનુજાચાર્ય ૧૦૦૦મી જન્મ જંયતી પર્વ... શ્રી રામાનુજાચાર્ય | ૧૫ |
| ;ધૈં ;ઙૃહિઘહિઢ્ઢ્ક્રયઠ | ૧૭ |
| ;ધૈં ;ઙૃહિઘહિઢ્ઢ્ક્ષ્લક્રયઠ | ૨૯ |
| છહિ, ;ૃક્રયઠ | ૩૧ |
| શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી | ૩૮ |

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૯૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર મહિને નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.



# તંત્રીની કલમે

ભગવાને આપેલી અણમોલ ભેટ સમા જીવનને અતિશય આનંદથી શાંતિપૂર્વક જીવીએ તો જ જીવન સાર્થક થયું ગણાય ! પરંતુ વર્તમાન સમયમાં માનવની વિચારસરણી જોતાં એવું જણાય છે કે માનવ માનવ વચ્ચે અંતર વધતું જાય છે ! પરિણામે માનવ સ્વકેન્દ્રી થતો જાય છે. માનવ પરસ્પર પ્રેમ અને હૂંફને બદલે અવગણના અને અવિશ્વાસના અજંપાભરી જિંદગી જીવી રહ્યો છે. આ સમસ્યાનું નિવારણ ખરું ? તાજેતરમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે ભુજમાં આશીર્વચનમાં કહેલું કે સૌ હરિભક્તો સાથે મળી એક પંગતમાં બેસી ભોજન કરે તો અનેક સમસ્યાઓનું સમાધાન શક્ય છે. આ વાતની પ્રતીતિ આપણે સમૈયાઓ વખતે થાય છે. ભુજ મંદિર દ્વારા લાગલગાટ ત્રણ માસથી ત્રણ મોટા સમૈયાઓ યોજાયા તેના કારણે હજારો હરિભક્તો એક બીજાની વધુ નજીક આવ્યા. પાવનકારી ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપતા માનવની મનોસ્થિતિ પણ પ્રસંગાનુસારની હોય છે. એક બીજાને હળી મળીને પરસ્પર લાગણી વ્યક્ત કરતાં સ્નેહની અનુભૂતિ થાય છે અને આત્મીયતા બંધાય છે. આ પ્રેમ અને આત્મીયતા જ જીવનની વિશેષ મૂડી છે. સૌ કથાશ્રવણાર્થે એક છત્ર નીચે એકત્રિત થાય છે. અને મનમાં શુભ સંકલ્પોનો સંચાર થાય છે. ધીરે ધીરે એવી સમજ કેળવાતી જાય છે કે સાચું સુખ પ્રભુચરણમાં જ છે. સાચા સંતોનું સાંનિધ્ય પ્રાપ્ત થતાં સત્સંગથી સમજ આવે છે કે નશ્વર માયાની મોહજાળમાં ફસાઈને ભૌતિકતામાં ભટકવાથી જીવન વ્યર્થ થાય છે, જ્યારે અધ્યાત્મ માર્ગને અનુસરીને ભક્તિ સાથે પ્રભુપરાયણ થઈ શ્રીજીને સંપૂર્ણ સમર્પિત થઈ જવાથી શાશ્વત સુખ-શાંતિની અનુભૂતિ સાથે આનંદની પ્રાપ્તિ થાય છે.

આ શાશ્વત શાંતિ અને આનંદ જીવનને સાર્થક બનાવે છે. જ્યારે મન શાંત અને આનંદિત હોય તેમજ સંપૂર્ણ નિષ્ઠા સાથે શ્રીજી પ્રત્યેનો સમર્પિત ભાવ જાગૃત થાય ત્યારે ધર્મ પ્રત્યેની શ્રધ્ધા સુદૃઢ થાય છે, સદ્‌વિચારોનો ઉદ્‌ભવ થાય છે, નીતિ પરાયણતાના સંસ્કારોનું સિંચન થાય છે અને આ બધું સત્યના માર્ગે દોરી જાય છે. આ સન્માર્ગ સત્સંગને ઉજળું કરે છે. જીવન પ્રભુમય બને છે અને પ્રભુના દિવ્યપ્રેમનાં દર્શન થાય છે. જીવનની ક્ષણભંગુરતા સમજાય છે અને જીવવા માટે મળેલ ક્ષણે ક્ષણનો ઉપયોગ પ્રભુની પ્રસન્નતા માટે કરવાના ભાવથી ધન્યતા અનુભવાય છે. સાથોસાથ મૃત્યુનો ભય પણ દૂર થાય છે. જીવનની ક્ષણભંગુરતા સ્વીકારનારને મૃત્યુની નિશ્ચિતતા પણ સમજાય છે. મૃત્યુનો સહજ સ્વીકાર કરવાની શક્તિનો સંચાર થાય છે અને મૃત્યુનો ડર રહેતો નથી. જ્યારે મૃત્યુની બીક જ ન રહે તો જીવનમાં કેટલી શાંતિ અને પ્રફુલ્લીતતા હોય ! આ બધું ભગવાનની અનુકંપાથી જ પ્રાપ્ત થાય છે. ભગવત પરાયણતામાં ઉણપ ન આવે તે માટે સંપૂર્ણ જાગૃતિ સાથે સજ્જ થઈને જીવન સાર્થક કરીએ. તેમજ જીવનના ખાલીપાને દૂર કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ !

# ૧૦૦૦મી જન્મજયંતી 'સહસ્રમાન જન્મ ઉત્સવ'ના ઉપલક્ષ્યમાં શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્યનું જીવન ચરિત્ર (ભાગ - ૩)


યતિરાજ શ્રી રામાનુજાચાર્ય


ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી


ભગવાન શ્રીસ્વામિનારાયણ

લેખક :- ડૉ. સ્વામી સત્યપ્રસાદ દાસજી - ભુજ
વેદાન્તાચાર્ય

-: મહાપૂર્ણ સ્વામીનું શ્રીરંગમ્ પધારવું :-

થોડા દિવસો પછી મહાપૂર્ણ સ્વામીની પત્ની અને રામાનુજની પત્ની વચ્ચે વિવાદ થયો. ધીરે ધીરે તે ઝઘડાનું રૂપ લઇ લીધું. એક દિવસ બન્ને વચ્ચે મોટો ઝઘડો થઇ ગયો. જ્યારે મહાપૂર્ણને આ વાતની ખબર પડી તે પોતાની પત્નીથી ખૂબ દુઃખી થયા. હવે અહીં રહેવું યોગ્ય નથી એવું માનીને રામાનુજને કહ્યા વિનાજ પત્ની સાથે શ્રીરંગમ્ ચાલ્યા ગયા. રામાનુજ અનુષ્ઠાન આદિ નિત્ય કર્મ પૂર્ણ કરીને ઘેર આવ્યા, સ્વામીને ન જોઇને દુઃખી થયા અને તેમના જવાનું કારણ જાણીને વધારે વ્યાકુળ થઇ ગયા. બધું છોડીને સન્યાસ લેવાની ઇચ્છા થવા લાગી.

શ્રીરામાનુજનું સન્યાસ આશ્રમ સ્વીકારવું :- શ્રીશઠકોપ સૂરીએ સહસ્રગીતિના એક દશકની ફલશ્રુતિમાં ગૃહસ્થાશ્રમ જીવન માટે કહ્યું છે કે જો સર્વોપકારભૂત ગૃહસ્થાશ્રમ અનુકૂળ ન હોય તો તે છોડવા યોગ્ય છે. પત્ની સહધર્મચારિણી ન થઇને પ્રતિકૂળ રહે તો ગૃહસ્થાશ્રમનો પરિત્યાગ કરવો જોઇએ. રામાનુજ પોતાની પત્નીમાં ત્રણ અપરાધ જોયા (૧)શ્રીકાંચીપૂર્ણ સ્વામી પ્રત્યે નિરાદરનો ભાવ.(૨) શ્રીવૈષ્ણવને પ્રસાદ આપવાનું કહ્યું ત્યારે ભોજન હોવા છતાં ખોટું કહી દેવું, (૩) આચાર્યની પત્ની સાથે ઝગડો કરવો. જ્યારે આવી રીતે પત્નીથી અસહ્યાપચાર થયો ત્યારે રામાનુજે સંન્યાસ સ્વીકાર કરવાનો નિશ્ચય કર્યો. બીજે દિવસે ત્રિદંડને ધારણ કર્યો, ત્યારથી તેઓ રામાનુજમુનિ તથા યતિરાજ એવા નામથી વિશ્વવિખ્યાત થયા. ત્યારપછી મઠમાં રહીને યથાપૂર્વ વરદરાજ ભગવાનની અનન્ય ભાવથી સેવા કરવા લાગ્યા.

કૂરનાથ તથા દાશરથિનું આગમન :- કૂરનાથ (કૂરત્તાલ્લવાન્) અને દાશરથિ (મુદલ આણ્ડાન્)એ આ સાંભળ્યું કે શ્રીરામાનુજમુનિએ સંન્યાસ સ્વીકાર કર્યો છે તો તુરંત કાંચી આવ્યા અને તેમના ચરણોમાં આશ્રય લઇને પંચસંસ્કાર પ્રાપ્ત કર્યા. તત્પશ્ચાત્ ત્યાં જ રહીને પૂર્વ અને ઉત્તર મીમાંસા શાસ્ત્રોનું અધ્યયન કરવા લાગ્યા. રામાનુજાચાર્યના ભાઇ ગોવિંદ જેને આ ગોષ્ઠીમાં રહેવાનું હતું પરંતુ તે કાલહસ્તીમાં રહેવા લાગ્યા આ જોઇને રામાનુજ મુનિ ઉદાસ થઇ ગયા. તેથી શ્રીશૈલપૂર્ણ સ્વામીને કહ્યું કે તમે જ તેને સમજાવીને સાથે રહેવાનું કહો.

યાદવપ્રકાશ શ્રીરામાનુજ મુનિની સેવામાં :- શ્રીરામાનુજનો મહિમા પ્રતિદિન અધિક વધતો જતો હતો.

તેને જોઈને યાદવપ્રકાશની માતા વારં વાર તેને કહેતી હતી કે તમે પણ રામાનુજમુનિનો આશ્રય લઈને જીવનનો ઉદ્ધાર કરો. રામાનુજ મુનિની મેધાશક્તિ વિષે તો યાદવપ્રકાશ પહેલેથી જાણતા હતા. બ્રહ્મરાક્ષસે પણ મહિમાનું પર્યાપ્ત વર્ણન કર્યું હતું. યાદવપ્રકાશને પોતાના સિદ્ધાન્ત ઉપર અરુચિ થવા લાગી હતી અને ભગવાનની કૃપાકટાક્ષના ફળથી માતાનાં વચનો હિતકારી લાગ્યા તેથી માતાની આજ્ઞાનુંસાર રામાનુજમુનિ પાસે જવા તૈયાર થઈ ગયા. તેમને એક ચિંતા થઈ કે અત્યાર સુધી શિખા અને યજ્ઞોપવિતનો જે ત્યાગ કર્યો હતો તેનું પ્રાયશ્ચિત ભૂપ્રદક્ષિણા જ છે. હવે આ વૃદ્ધાવસ્થામાં તે કરવું શક્ય નથી. શું કરું ? એક દિવસ ભગવાન વરદરાજે તેમને સ્વપ્નમાં આવીને આદેશ કર્યો કે રામાનુજ મુનિની પરિક્રમા કરશો તો તે ભૂપ્રદક્ષિણાથી ઉત્તમ છે. તેવું કરીને ચિંતા દૂર કરો. કાંચીપૂર્ણ સ્વામીએ પણ એવું જ કરવાની આજ્ઞા આપી. ત્યારે વિશ્વાસની સાથે તે યતિરાજ રામાનુજ મુનિના ચરણોમાં આવ્યા અને વિતેલા સમયની વ્યર્થતા પર પશ્ચાતાપ પ્રકટ કરીને પ્રાર્થના કરી કે હવે આ જીવનનો ઉદ્ધાર કરો. શ્રીરામાનુજ મુનિએ કૃપા કરીને કહ્યું હે મહાનુભાવ ! આપનું મન નિર્મળ થઈ ગયું છે, પહેલાં આપે શ્રીવૈષ્ણવોની ખૂબ નીંદા કરી છે તે પાપને ધોવા માટે "સન્યાસનું કર્તવ્ય" આ વિષય પર એક ગ્રન્થ લખો. એવું કરવાથી શાન્તિ મળશે.

ત્યારથી તેઓ શ્રીવૈષ્ણવયતિ બનીને રહેવા લાગ્યા. શ્રીવેદાન્તદેશિક આ કથાવિષયનો ઉલ્લેખ કરતાં કહે છે - "**स्वबलादुद्धृतयादवप्रकाशः**"।

શ્રીયતિરાજના કહેવા પ્રમાણે થોડા જ સમયમાં "યતિધર્મ-સમુચ્ચય" નામનો એક ઉત્તમ ગ્રંથ તૈયાર કરીને શ્રીગુરુના ચરણોમાં સમર્પિત કર્યો. તે સમયે તેમની અવસ્થા ૮૦ વર્ષની હતી. ત્યારપછી થોડા દિવસો પૃથ્વી પર રહીનો પરમપદને પામ્યા. ત્યારપછી શ્રીરામાનુજાચાર્યના પ્રતિદ્વન્દી કોઈ ન રહ્યું.

**શ્રીવરરંગ ગાયક અને ભગવાન વરદરાજ :-** આચાર્ય શ્રીરામાનુજમુનિ કૂરનાથ, દાશરથિ આદિ શિષ્યોને વેદાન્તગ્રન્થનું પ્રવચન કરતા થકા કાંચીમાં રોકાયા હતા. તેવામાં શ્રીરંગક્ષેત્રમાં ભગવાન શ્રીરંગનાથની સંનિધિમાં રહેનાર શ્રીવૈષ્ણવો વિચારવા લાગ્યા 'અહીં દર્શનનિર્વાહક કોઈ નથી તેથી શ્રીરામાનુજ મુનિને અહી લઈ આવવા જોઈએ'. પરંતુ કયા ઉપાયે લાવવા તે વિચારવા લાગ્યા. ત્યારે ખ્યાલ આવ્યો કે રામાનુજ મુનિ શ્રીશઠકોપ આદિ સૂરીઓની શ્રીસૂક્તિઓને સાંભળીને ખેંચાય છે. તેથી આપણા શ્રીવરરંગ ગાયક છે તે શ્રીસૂક્તિઓનું શ્રવણ કરાવીને મુનિને પ્રસન્ન કરશે અને તેના બદલામાં વરદાનનાં રૂપમાં તેમને અહીં આવવાનું કહેવું.

શ્રીવૈષ્ણવોની પ્રાર્થનાથી શ્રીવરરંગ ગાયક (તિરુવરઙ્ગપ્પેરુપમાળરૈયર્ સ્વામીજી) ભગવાનની આજ્ઞા લઈને કેટલાક વૈષ્ણવોને સાથે શ્રીરંગક્ષેત્રથી કાંચીની તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં દિવ્યદેશોનો આનંદ લેતા થકા શ્રીવરરંગ ગાયક કાંચી પહોંચ્યા. ભગવાનનાં દર્શન કરીને પોતાનો નિત્ય વિધિ પૂર્ણ કરીને યોગ્ય અવસરની પ્રતીક્ષા કરવા લાગ્યા.

**રામાનુજાચાર્ય શ્રીદેવરાજ ભગવાનની સેવામાં :-** બીજે દિવસે શ્રીવરરંગ ગાયક શ્રીકાંચીપૂર્ણ સ્વામી આદિ કાંચીના પ્રતિષ્ઠિત મહાત્માઓની સાથે ભગવાનની ગોષ્ઠીમાં હાજર થયા અને ભગવા સંબંધી દિવ્યપ્રબંધોનું મનમોહક રીતે ગાન કરવા લાગ્યા. આ ગાન એટલું મધુર હતું કે શ્રીકૃષ્ણભગવાનના વેણુગાનની સાથે તેની તુલના કરી શકાય. સર્વે મનુષ્યોનું મન ખેંચાઈ ગયું. ભગવાન વરદરાજ પણ અત્યંત હર્ષથી પરવશ થઈને સાંભળવા લાગ્યા. રામાનુજાચાર્ય વિચાર કરવા લાગ્યા આવું મધુર ગાન કરનારનું કેવું સન્માન કરવું જોઈએ ? ત્યારપછી તેમણે અર્ચક દ્વારા ભગવાનની આજ્ઞા લીધી. હે ગાયક શ્રેષ્ઠ મહાત્મન્! તમારા આ દિવ્યગાનથી હું અતિ પ્રસન્ન થયો છું અને અતિશય આનંદનો અનુભવ કરું છું. સંકોચ કર્યા વિના આપને જે જોઈએ તે માંગી લ્યો.

રામાનુજાચાર્યનો આવો અનુગ્રહ જોઇને ગાયકે પોતાને ધન્યશાળી માનીને બાજુમાં વિરાજમાન આચાર્યને સંભળાવતાં શ્રીવરદરાજ ભગવાનની પ્રાર્થના કરી કે હે ભગવન! આપની આજ્ઞા હો તો હું આચાર્યને શ્રીરંગક્ષેત્રમાં શ્રીરંગનાથ ભગવાનની ગોષ્ઠિમાં શોભા વધારવા લઇ જાવું? આ વાત સાંભળતાં જ ભગવાન ક્ષણભર માટે વ્યામુગ્ધ થઇ ગયા. ધીરે ધીરે ભગવાનને વિચાર્યું કે આ શું થયું ? પહેલાંજ કહી દેવું હતું કે રામાનુજાચાર્ય સિવાય જે માંગવું હોય તે માંગો પરંતુ વચન આપ્યા પછી ટાળી પણ નહીં શકાય અને રામાનુજ વિના રહી પણ નહીં શકાય. અન્તે ભગવાને આજ્ઞા આપી કે હે ગાયક વર! આવી રીતે કપટથી મારું સર્વસ્વ અપહરણ કરવા માટે આવ્યા હતા એવી સૂચના મને આપી ન હતી તેથી હું આપની જાળમાં ફસાઇ ગયો. હવે શું કરવું? આપની ઇચ્છા અનુગુણ આચાર્યને લઇ જાઓ. શ્રીરંગમ્‌માં રહીને સિદ્ધાન્તનો પ્રચાર કરતા થતા શ્રીરામાનુજ મહાન્ પ્રતિજ્ઞાને પ્રાપ્ત કરે એવા આશીર્વાદ આપું છું. હું જાણું છું કે આવતા સમયમાં શ્રીરંગક્ષેત્રમાં મહાન્ શ્રીવૈષ્ણવ ભક્તો નિવાસ કરવા માટે આવશે.

**રામાનુજ સ્વામી શ્રીરંગ ભગવાનના કૃપાપાત્ર થયા :-** રામાનુજ સ્વામી વરદરાજ ભગવાનની દિવ્ય આજ્ઞાને શિરો ધાર્ય કરીને શ્રીકૂરનાથ, દાશરથિ આદિ શિષ્ય મંડળની સાથે કાંચીપૂર્ણથી વિદાય લઇને શ્રીરંગક્ષેત્રના માર્ગમાં અનેક દિવ્યદેશોનાં દર્શન કરતા કરતા સાત કિલ્લાઓથી પરિવૃત્ત, પૃથ્વીપરના વૈકુંઠનામથી વિભૂષિત, પરંતુ વસ્તુગત પરમપદથી શ્રેષ્ઠ ગણાતા શ્રીરંગમ્ નામના દિવ્યક્ષેત્રમાં પધાર્યા.શ્રીવરરંગ ગાયક સ્વામીતો પહેલેથી જ શ્રીરંગમ્ પહોંચીને આ શુભવૃત્તાંત કહીને સર્વેને આનંદ સાગરમાં મગ્ન કર્યા હતા. શ્રીરામાનુજ સ્વામી સંસારના કલેશ પાપાદિ સમસ્ત દોષોને દૂર કરવા સમર્થ શ્રીકાવેરી તીર્થમાં સ્નાન કરીને નિત્ય આહ્નિક કર્તવ્યથી નિવૃત્ત થઇને શ્રીરંગદિવ્ય વિમાનમાં શેષશય્યામાં વિરાજમાન શ્રીરંગનાથ ભગવાનના આપાદશિખા દર્શન કર્યા. દર્શનથી અત્યંત આનંદથી પુલકિત થઇને આનંદના આંસુને વહેવડાવતા ગદ્ગ ગદ્ગ સ્વરથી ભગવાનને વિનંતી કરી કે હે પ્રભો! આ અકિંચન જીવપર આપે જે નિર્હેતુક અને અનહદ અનુગ્રહ કર્યો છે તેનું હું કેવી રીતે વર્ણન કરી શકું ? તેના બદલામાં હું શું કરી શકું ? મારી એક વિનંતી છે કે આપની કૃપા આ દાસ ઉપર સદાય રહે. ત્યારે ભગવાને પોતાની પાદુકા શ્રીરામાનુજ સ્વામીના મસ્તક ઉપર રાખીને અનુગ્રહ કર્યો. હે રામાનુજ ! આ સમગ્ર ભૂમંડળ અને પરમપદ અર્થાત્ બન્ને વિભૂતિરૂપ મારી સમસ્ત સંપત્તિ હું આજ તમોને અને તમારે આશ્રિત થયેલા શ્રીવૈષ્ણવોને આધીન કરી દઉં છું. વિશેષતઃ હવે તમે અહીં રહીને આ મારા મંદિરનો સુચારુ નિર્વાહ કરો. રામાનુજમુનિ ભગવાનની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા ત્યારથી **રામાનુજ ઉડૈયવર** અર્થાત્ (સ્વામી) એવા નામથી અર્થાત્ **'ઉભયવિભૂતિનાયક'** થી પ્રસિદ્ધ થયા. હવેથી સર્વે ભક્તો શ્રીરામાનુજને **'શ્રીરામાનુજ સ્વામી'** એવા નામથી ઓળખવા લાગ્યા. ત્યારપછી શ્રીરંગનાયકી દિવ્યમંગલવિગ્રહના દર્શન કરીને ત્યાં ઉત્તમોત્તમ બહુમાન પૂર્વક બાજુમાં જ દિવ્યમહા સ્થાનનો સ્વીકાર કર્યો. મહાપૂર્ણ સ્વામી આ બાજુમાં હતા તેમના ચરણોમાં સ્વામી નતમસ્તક થયા અને હૃદયથી ગદ્ગ ગદ્ગ થઇને બોલ્યા - આ બધું આપની જ કૃપાનું ફળ છે. સાચું જ કહ્યું છે - **"મહાત્માઓનો આશ્રય લેવાથી દુર્લભ પુરુષાર્થ પણ પ્રાપ્ત થઇ જાય છે."** મહાપૂર્ણ સ્વામીએ કહ્યું કે શ્રીશઠકોપ સૂરીએ એજ ભવિષ્યવાણી કરી હતી કે **'કળિ અવશ્ય દૂર જશે'** આજે તે વાણી સફળ થતી જોઇ રહ્યો છું. સારું ! શ્રીરંગનાથના નિયમનને અનુસારે અહીંની સેવાનું સંચાલન સંભાળી લ્યો. સ્વામીએ તે દિવસથી મંદિરની સેવામાં જોડાઇ ગયા. ભગવાનના નિત્ય ઉત્સવ, પક્ષોત્સવ, માસોત્સવ, સંવત્સરોત્સવ આદિ સર્વે ઉત્સવનું સારીરીતે પ્રબંધ કરીને ચલાવવા લાગ્યા તેથી સર્વે ભક્તો તેમની પ્રસંશા કરતા રહ્યા. તે સમયે અકલક્લેશ નાયક

ભકતપ્રભુ પણ રામાનુજ સ્વામીના અંતરંગશિષ્ય બનીને મંદિરની સેવાની પ્રવૃત્તિમાં તેમની સહાય કરવા લાગ્યા.

**શ્રીરંગામૃતનો સુધાર :-** શ્રીરંગ મંદિરના પરિજનોનો એક નેતા હતો. જેનું નામ શ્રીરંગામૃત હતું. તે એક દિવસ શ્રીરામાનુજ સ્વામીની પાસે આવીને પ્રણામ કરીને બોલ્યો 'હું મહા પાપી છું'. આપની સેવામાં મારી એક પ્રાર્થના છે કે આપ કોઇ શિષ્ય દ્વારા મને સુધારવા માટે પોતાનો દાસ બનાવી દે. ત્યારે રામાનુજ સ્વામી કૂરેશ (કૂરનાથ) ને બોલાવીને કહ્યું આ શ્રીરંગામૃત આપણા આ મંદિર અને ભગવાન શ્રીરંગનાથના સર્વસ્વ શ્રીકાર્ય નિર્વાહક છે, તેમના કોઇ દોષ હોય તો તેને સુધારી એને શ્રીવૈષ્ણવને અનુકૂળ બનાવીને તૈયાર કરો. કૂરેશે પણ છ મહિના સુધી તેનું અનુવર્તન કરીને તેને અનુકૂળ બનાવ્યા અને સ્વામીની સેવામાં ઉપસ્થિત કર્યા. શ્રીરામાનુજ સ્વામી તેમની ઉપર અનુગ્રહ કરીને શ્રીકૂરેશના શિષ્ય બનાવ્યા.

**શ્રીરંગામૃતના ઘરમાં ભોજન માટે કૂરેશને મોકલવું :-** આ પ્રમાણે શ્રીરંગામૃત કૂરેશના ચરણશિષ્ય થઇને આધ્યાત્મિક ગ્રન્થોનું અધ્યયન કરવા લાગ્યા. એક દિવસ તેમની માતા પરમપદને પામી તેથી શ્રીરંગામૃતે અંતિમ સંસ્કાર કરીને અને બારમાના દિવસે એક બ્રાહ્મણને ભોજન માટે આમંત્રણ કરવાના હેતુથી શ્રીરામાનુજ સ્વામીની પાસે આવીને કૂરેશ મારે ઘેર ભોજન માટે પધારે એવી પ્રાર્થના કરી. ત્યારે શ્રીરામાનુજ સ્વામીએ કૂરેશને જવાની આજ્ઞા કરી. તેઓ બિલકુલ સંકોચ વિના સ્વામીની ઇચ્છાને સમજીને જવા માટે તૈયાર થયા અને જરા પણ અપ્રસન્નતા ન બતાવી. શ્રીરંગામૃતના નિમંત્રિત સ્થાનમાં બેસીને ભોજન કર્યું. ભોજન પછી **'सकलं सम्पूर्ण'** કહેવાનો અવસર આવ્યો ત્યારે કૂરેશે શ્રીરંગામૃત પાસેથી શ્રીરંગનાથના મંદિરની મુખ્ય ચાવી લઇને **'भुक्ति-तृप्ति'** કહ્યું અને શ્રાદ્ધ કાર્ય પુરુ કરીને ચાવી શ્રીરામાનુજ સ્વામીના હાથમાં સોંપી દીધી. તે દિવસથી શ્રીરંગનાથાલયની સેવામાં સુચારુ સુધાર થયો અને સર્વે શ્રીવૈષ્ણવો પ્રશંસા કરવા લાગ્યા કે **"रामानुजार्यदिव्याज्ञा वर्धतां अभिवर्धताम्"** ॥

**શ્રીરામાનુજ સ્વામીના ભાઇ ગોવિંદમાં સુધારો જોઇને પ્રસન્ન થવું :-** આગળ કથા વાંચી ગયા છીએ કે યાદવપ્રકાશની ગંગાયાત્રાના પ્રસંગમાં ગોવિંદ ગંગાજળમાંથી લિંગ લાવવાના કારણે મહાન શિવભક્ત થઇ ગયા હતા. તેથી શ્રીવૈષ્ણવોનો સાથ છોડીને કાલહસ્તિની પાસે એક સરોવરના કિનારે રહેતા હતા. શ્રીરામાનુજ સ્વામીએ પોતાના મામા શ્રીશૈલપૂર્ણને પ્રાર્થના કરી કે તમો ગોવિંદને ફરી શ્રીવૈષ્ણવોની ગોષ્ટીમાં લઇ આવાનો પ્રયત્ન કરો. શ્રીશૈલપૂર્ણ આ કાર્ય માટે બે વખત કાલહસ્તિ ગયા પણ બન્ને વખત સફળ ન થયા. પરંતુ ત્રીજી વખત ગયા ત્યારે આ કાર્યમાં સફળ થયા. આ વાર્તા એક વૈષ્ણવે શ્રીરામાનુજ સ્વામીને જઇને કહી. ત્રીજી વખત જયારે શ્રીશૈલપૂર્ણ પોતાના શિષ્યો સાથે કાલહસ્તિ ગયા ત્યારે ત્યા રોજ તે માર્ગમાં ઝાડની નીચે બેસીને શ્રીશઠકોપની સહસ્રગીતિનું પ્રવચન કરતા હતા. પ્રવચનમાં પરત્વપ્રતિપાદક દશકની વ્યાખ્યા થઇ રહી હતી. પાટલીવૃક્ષ ઉપર ચઢીને ફૂલ વીણનાર ગોવિંદભટ્ટે ત્રણ પદ્યોની વ્યાખ્યા ધ્યાનથી સાંભળતા રહ્યા. ચોથા પદ્યમાં જયારે પ્રશ્ન કરવામાં આવ્યો કે -

> **'स्वनाभिपङ्कजोत्पन्नसृष्टिकर्तुंचतुर्मुखात् । '**
> **तस्मान्नारायणाद्देवात् कल्याणगुणसागरात्।**
> **सम्यगाराधनं पुण्यं चान्येषां कथमर्हति ।'**

(આલવાર વૈભવ-પૂર્વાચાર્યપ્રભાવસંગ્રહે શ્રીરામાનુજવૈભવમ્)

ગોવિંદે ઝાડ ઉપરથી કૂદીને ફુલોની છાબ ફેંકી દીધી, રુદ્રાક્ષની માળા તોડીને 'ન યોગ્યમ્' 'ન યોગ્યમ્' એમ કહેતા થકા શ્રીશૈલપૂર્ણ સ્વામીના ચરણોમાં પડીને વિનંતી કરવા લાગ્યા, મારા જીવનનો ઉદ્ધાર કરો. શ્રીશૈલપૂર્ણ સ્વામીએ તેમનો હાથ પકડીને આશ્વાસન આપ્યું. આ જોઇને બીજા શિવભક્તો ગુરુ પાસે વાદ કરવા આવ્યા ત્યારે તેઓને યોગ્ય ઉત્તર આપીને પાછા મોકલી

દીધા. ગોવિંદને મંદિરની ચાવી, અંગૂઠી આદિ બીજાને આપીને કહ્યું કે હવેથી મારો કોઇ સંબંધ નથી. ગોવિંદ શ્રીશૈલપૂર્ણ સ્વામીની સાથે વેંકટાદ્રિ ચાલ્યા ગયા. ત્યાં આવીને પ્રાયશ્ચિતપૂર્વક પંચસંસ્કાર પ્રાપ્ત કરીને દિવ્ય પ્રબંધોનું અધ્યયન કર્યું અને 'અર્થપંચકમ્' નું જ્ઞાન પ્રાપ્ત કર્યું. હવે પરમાત્માન નારાયણના અનન્ય ભકત બનીને રહેવા લાગ્યા. આ વૃતાન્તને શ્રીરામાનુજ સ્વામી સાંભળીને અતિ પ્રસન્ન થયા.

**શ્રીરામાનુજ સ્વામીનો પાંચ આચાર્યોનો સમાશ્રય :-** શ્રીરામાનુજ સ્વામી પાંચ આચાર્યોનાં ચરણોનો આશ્રય કરીને ઉપદેશ ગ્રહણ કર્યો. તેથી તેઓ "पञ्चाचार्यपदाश्रित" કહેવાયા. મહાપૂર્ણ સ્વામી, ગોષ્ઠીપૂર્ણ સ્વામી, માલાધર સ્વામી, શૈલપૂર્ણ સ્વામી અને વરરઙ્ગગાયક. આ પાંચ આચાર્યો છે. મહાપૂર્ણ સ્વામીએ પંચસંસ્કાર કર્યા તેથી તેઓ રામાનુજ સ્વામીના મુખ્ય આચાર્ય કહેવાયા. ગોષ્ઠીપૂર્ણ સ્વામીએ રહસ્યાર્થની શિક્ષા આપી. માલાધર સ્વામીએ શઠકોપ સૂરીની સહસ્રગીતિના અર્થનો ઉપદેશ આપ્યો. શ્રીશૈલપૂર્ણ સ્વામીએ રામાયણનું રહસ્ય બતાવ્યું. એવં વરરઙ્ગગાયકે દિવ્ય પ્રબન્ધ સ્તોત્રો તથા શ્રીસૂક્તિઓનું જ્ઞાન પ્રદાન કર્યું. આ કથા વેદાન્તદેશિક દ્વારા રચિત ગુરુપરંપરાસારમાં નિર્દિષ્ટ કરાયેલી છે.

**શ્રીરામાનુજ સ્વામી અને શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામી:-** જ્યારે મહાપૂર્ણ સ્વામીજી રહસ્યાર્થોનો ઉપદેશ શ્રીરામાનુજ સ્વામીને આપતા હતા ત્યારે તેમણે કહ્યું કે ગોષ્ઠીપૂર્ણ સ્વામી આલવન્દારના વિશેષ પ્રિય પાત્ર હતા તેથી તેમની પાસે રહસ્યાર્થ નિધિ સુરક્ષિત છે. તેથી હે રામાનુજ ! તેમના પણ શિષ્ય બનીને તે અર્થોનું અધ્યયન કરો અને જીવન સફળ કરો. શ્રીરામાનુજ સ્વામી આ સાંભળીને અતિ ઉત્સુકતા પૂર્વક ગોષ્ઠીપુરક્ષેત્ર ગયા. ત્યાં મનુષ્યોને પૂછ્યું કે શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીનું નિવાસ સ્થાન કયાં છે ? ત્યારે મનુષ્યોએ એક ઝુંપડી બતાવીને કહ્યું આ તેમનું નિવાસ સ્થાન છે. ત્યારે શ્રીરામાનુજ સ્વામીએ ત્યાંજથી તેમને વારંવાર પ્રણામ કરતા થકા ત્યાં પહોંચ્યા. ત્યારે તો તે ક્ષેત્રમાં રહેતા મનુષ્યોને ગોષ્ઠીપૂર્ણ સ્વામીનો મહિમા સમજાયો. શ્રીરામાનુજ સ્વામી સ્વામીના ચરણોમાં દંડવત પ્રણામ કરીને પ્રાર્થના કરી કે આપ કૃપા કરીને મને રહસ્યાર્થનો ઉપદેશ આપો. તેમનો 'અધ્યવસાયવિશેષ જાણ્યા વિના ઉપદેશ ન આપવો જોઇએ' એવું વિચારીને સ્વામી મૌન રહ્યા. કેટલા દિવસો સુધી પ્રતીક્ષામાં રહ્યાં પરંતુ ઉપદેશ ન આપ્યો ત્યારે અપૂર્ણ મનોરથની સાથે શ્રીરંગક્ષેત્ર પાછા આવી ગયા. આ પ્રમાણે અઢાર વખત શ્રીરંગથી ગોષ્ઠીપુર ગયા અને પ્રાર્થના કરી છતાં પણ અઢાર વાર રહસ્યાર્થને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહ્યા. અન્તમાં શ્રીરામાનુજ સ્વામીની અતિ તીવ્ર ઇચ્છા અને શ્રદ્ધા જોઇને શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીએ નિશ્ચય કર્યો કે આ ઉપદેશનું ઉત્તમ પાત્ર છે તેથી તેમને ઉપદેશ આપવો જોઇએ. ત્યારે ભગવાનની અનુમતિ લઇને એક શ્રીવૈષ્ણવ દ્વારા શ્રીરામાનુજ સ્વામીને સંદેશો મોકલાવ્યો કે દંડ તથા પવિત્રની સાથે તમો એકલા આવીને ઉપદેશ પ્રાપ્ત કરો. શ્રીરામાનુજ સ્વામી પણ અતિ પ્રસન્ન થઇને કૂરેશ અને દાશરથીને પોતાની સાથે લઇને અતિ ઉતાવળથી ગોષ્ઠીપુર આવ્યા. શ્રીગોષ્ઠીપૂર્ણના નિવાસ સ્થાને આવીને સ્વામીને પ્રણામ કરીને ઉભા રહ્યા ત્યારે સ્વામીએ સાથે આવેલ બન્નેને જોઇને પૂછ્યું કે તેઓને સાથે કેમ લાવ્યા છો ? એકલા જ આવવાનો સંદેશો મોકલાવ્યો હતો. શ્રીરામાનુજ સ્વામીએ કહ્યું, આપે આજ્ઞા કરી હતી કે તમો દંડ અને પવિત્રની સાથે આવજો તેથી તે બન્નેને લઇને આવ્યો છું. આ દાશરથિ દંડ છે અને કૂરેશ પવિત્ર છે. આ સાંભળીને સ્વામીએ કહ્યું સારું ! જે હું અર્થ બતાવું તે આપ ત્રણની વચ્ચે જ રહે બીજાને ન કહેવામાં આવે. આ પ્રમાણે કહીને શ્રીરામાનુજ સ્વામીને પ્રતીજ્ઞા લેવડાવી ત્યાર પછી પ્રસન્ન થઇને ચરમશ્લોકના પરમરહસ્યભૂત અર્થોનો ઉપદેશ આપ્યો.

એક ગુરુ પરંપરાની વાર્તામાં એવું પણ જોવામાં આવે છે. કે શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીએ શ્રીરામાનુજ સ્વામીને

આ ઉપદેશ આપ્યો તે અષ્ટાક્ષર મહામંત્રનો અર્થ હતો. પરંતુ શ્રીવરવરમુનિની મુમુક્ષુપડિ ગ્રન્થની વ્યાખ્યામાં ચરમશ્લોક પ્રકરણની અવતારિકામાં એમ કહે છે કે ચરમશ્લોકનું રહસ્યાર્થ સાંભળવા માટે શ્રીરામાનુજ સ્વામી અઢારવાર શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીની પાસે ગયા હતા. શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીએ પણ અર્થનો મહિમા તથા તેને પ્રાપ્ત કરવામાં માટે યોગ્ય અધિકારીનો અભાવ જોઇને શ્રીરામાનુજ સ્વામીનું આસ્તિક્ય તથા આદરની પરીક્ષા માટે અઢાર વખત ના પાડી અને મહાન્ તપ કરાવ્યું ત્યારપછી જ ઉપદેશ આપ્યો. શ્રીરામાનુજ સ્વામીથી પહેલાં જે આચાર્યો હતા તેઓને કોઇ યોગ્ય અધિકારી ન મળવાથી તથા અર્થગૌરવને કારણ આ રહસ્યને પ્રગટ ન કરીને છૂપાવતા રહ્યા. સંસારી જીવોની દુર્ગતિ જોઇને શ્રીરામાનુજ સ્વામીના કરુણાપૂર્ણ હૃદયને ઘણું દુઃખ પહોંચ્યું. તે દુઃખ અતિ અસહ્ય બન્યું કે મંત્રના રહસ્યાર્થની ગુપ્તતા ન વિચારીને તેને પ્રકાશિત કરી દીધો. આવી ઉદારતાથી એવું જણાય છે કે શ્રીરામાનુજ સ્વામીએ ચરમશ્લોકનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

બીજા એક 'ગુરુપરંપરાપ્રભાવ'માં કહેવામાં આવ્યું છે કે - શ્રીરામાનુજ સ્વામીને એક વાર અષ્ટાક્ષર અને બીજી વાર ચરમશ્લોકના અર્થનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ શ્રીવરવરમુનિની શ્રીસૂક્તિઓમાં એવું જ કહેલું છે કે ચરમશ્લોકાર્થનું શ્રવણ કરવા માટે શ્રીરામાનુજ સ્વામી અઢાર વાર ગોષ્ઠીપુર ગયા અને એવું અનેક શ્રીવૈષ્ણવોએ કહ્યું છે. ( વિશેષ કથા ગુરુપરંપરા થકી જાણી લેવી)

શ્રીગોષ્ઠીપૂર્ણ સ્વામીની સેવામાં રહીને રહસ્યાર્થોનું અધ્યયન કરીને શ્રીરામાનુજ સ્વામીએ બીજે દિવસે ત્યાં ભગવાનની સન્નિધિમાં શ્રદ્ધાપૂર્ણ શ્રીવૈષ્ણવોની ગોષ્ઠીમાં ચરમશ્લોકાર્થના રહસ્યને પ્રકાશિત કરી દીધો. (એક કથા એવી પણ છે કે મંદિરના ગોપુર ઉપર ચઢીને અનેક મનુષ્યોની વચ્ચે સ્વામીએ રહસ્યાર્થ પ્રકાશ કર્યો હતો.)

ક્રમશઃ


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**નૂતન શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર-પિયાવા-માંડવી**

# વાસ્તુ પૂજન

**સંવત્ ૨૦૭૩, જેઠ સુદ ૧, શુક્રવાર, તા. ૨૬-૫-૨૦૧૭**

સર્વે હરિભક્તોને પધારવાં હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

પૂ. મહંત સ્વામી


## આગામી માસની કથાઓ

**૧-૫-૨૦૧૭ ભક્તિનગર**

રજત જ્યંતિ મહોત્સવ

**૧-૫-૨૦૧૭ નારણપર ઉ.વા.**

કથા પારાયણ દિવસ પાંચની

**૩-૫-૨૦૧૭ મેઘપર**

કથા પારાયણ દિવસ પાંચની

**૮-૫-૨૦૧૭ હરિપર**

કથા પારાયણ દિવસ ત્રણની

**૧૦-૫-૨૦૧૭ સુખપર**

કથા પારાયણ દિવસ પાંચની

**૧૦-૫-૨૦૧૭ રામપર જુનાવાસ**

દશાબ્દી મહોત્સવ

**૧૨-૫-૨૦૧૭ ભુજ પ્રસાદી મંદિર**

પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ દિવસ પાંચની

**૧૫-૫-૨૦૧૭ સુખપર**

પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ દિવસ પાંચની

**૨૨-૫-૨૦૧૭ ભુજ**

કથા પારાયણ દિવસ પાંચની

**૨૮-૫-૨૦૧૭ દયાપર(ભચાઉ)**

કથા પારાયણ દિવસ ત્રણની

# કુકર્મી કુબુદ્ધિના કાળ સુખકારીજી !

- અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

ગામ કંથકોટના કચરા ભગતને તો સૌ જાણીએ છીએ. એ કંથકોટ તો રાજા દેવોજી દરબાર શ્રીજી મહારાજનો પ્રખર દ્વેષી હતો. હંમેશાં મહારાજ પ્રત્યે દ્વેષ રાખે. એમના સંતોને પણ હેરાન કરે. એકવાર કેટલાક સંતો ગામમાં સત્સંગ અર્થે આવેલા. ત્યાં સંતોએ વતું કરાવ્યું પછી સ્નાન તો કરવું જ પડે ને ?

તે ગામમાં એક વાવ હતી એટલે બધા સંતોએ વાવ ઉપર સ્નાન કરવા માટે આવ્યા. આ વાત જાણી એટલે દેવોજી દરબારના માણસો આવ્યા અને સંતોને હુકમપૂર્વક કહેવા લાગ્યા : “તમારે વાવમાં નાહવાનું નથી, અમારા રાજાએ મનાઈ ફરમાવી છે.”

સંતો કહે, “ભાઈ, વાવ કૂવા તો સાર્વજનિક હોય, અહીં તો બધા જ સ્નાન કરી શકે.”

“ના તમારે નહાવું હોય તો સંત દીઠ દોકડો (એ વખતનું કચ્છી નાણું) રૂપિયો આપવો પડશે.”

સંતો પાસે પૈસા તો ક્યાંથી હોય ? એટલે ગામના હરિભક્તોએ પૈસા ઉઘરાવીને સંતો માટે નહાવાની વ્યવસ્થા કરી ત્યારે દેવોજી માન્યો.

શ્રીજી મહારાજે આ સર્વે હકીકત જાણી. શ્રીહરિ કહે, “અમારા સંતો અને ભક્તો માટે અમે ગામના રાજાને મળીશું અને સમજાવીશું.” પરમેશ્વરને જીવ માત્રની કેટલી ચિંતા હોય છે ! સંતો કહે, “મહારાજ ! એ દેવોજી માને એમ નથી, તમને હેરાન કરશે.” આમ છતાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ દેવોજીને મળવા એમના દરબારમાં પધાર્યા.

શ્રીહરિ દેવોજીને સમજાવવા લાગ્યા, “ઠાકોર, તમે અમારા સાધુ-સંતોને શા માટે હેરાન કરો છો ? તેઓ ક્યાં કશું તમારું બગાડે છે ? ઉલટાનું લોકોને ઉપદેશ આપીને તેમને વ્યસનોથી મુક્ત કરે છે અને સારું જીવન જીવતાં શીખવાડે છે. વળી તમે ગાયોની કતલ કરાવો છો. શાસ્ત્રમાં રાજાને તો ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ ગણાવ્યા છે. હે રાજા ! તમારી તો ફરજ બને છે કે ગાયોની રક્ષા કરવી. વળી તમે મીયાણાંઓને કોટની રક્ષા કરવા માટે રાખો છો એની જગ્યાએ પગારદાર સિપાઈઓને રાખોને ?”

દેવોજી બોલ્યા, “અમે મીયાણાંને મફતમાં કોટની રક્ષા કરવાને રાખ્યા છે. અમારે પગાર નથી આપવાનો હોતો. એની સામે માત્ર ગાયો આપીએ છીએ એમાં શું થઈ ગયું ? અમારા ખજાનામાં એટલું ધન નથી કે પગાર આપીને સિપાઈઓ રાખીએ.”

શ્રીહરિ વળી ઉપદેશનો બોલ બોલ્યા, “હે રાજા ! તમે દીકરીને દૂધ પીતી કરો છો તે પાપ છે. કોઈ પણ જીવને મારવાનો અધિકાર આપણને નથી. અને દીકરીઓ તો બન્ને કુળને તારે છે.”

દેવોજી કહે, “અમે દીકરીને જીવતી રાખીએ તો પછી અમારે કરિયાવર ખર્ચવું પડે, અમારે કોઈના સાળા બનવું પડે એ અમને ના પોષાય.”

શ્રીહરિએ દેવોજીની સર્વે દલીલો સાંભળી, પછી ગંભીર થઈને કહેવા લાગ્યા, “ રાજા તમે સંતોની, ગાયોની કે દીકરીઓની રક્ષા નથી કરતા અને રક્ષા કરવાની ઈચ્છા પણ નથી રાખતા અને તેથી જ તમારાં રાજ્યમાં લક્ષ્મીજી રૂઠ્યા છે. જ્યાં ધર્મ છે ત્યાં જ લાજ અને લક્ષ્મી નિવાસ કરીને રહે છે. તમારા રાજ્યમાં તો ધર્મનો છાંટો પણ જોવા મળતો નથી અને તમે ધર્મનું પાલન પણ કરતા નથી અને પાલન કરવાની તમારી

તૈયારી પણ નથી અને એટલે જ તમારાં લાજ અને રાજ બન્ને જતાં રહેશે.''

પછી શ્રીહરિએ મનોમન સંકલ્પ કર્યો કે આવા કુકર્મી અને કુબુધ્ધિ રાજાને દંડ અવશ્ય મળવો જોઈએ. ત્યારપછી પોતાના સૌ આશ્રિતજનોને બોલાવીને કહ્યું કે, ''તમો સૌ આ ગામ છોડીને ઉચાળા ભરણી જજો અને જ્યા ઈચ્છો તે ગામમાં જતાં રહેજો પરંતુ અહીં રહેતા નહીં.''

શ્રીહરિની આજ્ઞા થઈ એટલે તરત જ તે સર્વે ભક્તજનો તત્કાળ ગામ છોડીને અન્ય સ્થળોએ જવાની તૈયારી કરવા લાગ્યા અને ગામને ત્યજી દીધું.

એ પછી ભુજના રાજાએ લશ્કર સાથે આવીને આખુંય કંથકોટ ગામ ભાંગી નાંખ્યું અને દેવોજી દરબાર પણ બૂરી રીતે મૃત્યો પામ્યો.

પરમેશ્વરનાં વચનોને કોરાણે મૂકીને આડો અવળો ડોલે તેનો વિનાશ અવશ્ય છે. જેનાં સંકલ્પ માત્રથી અનંત કોટિ બ્રહ્માંડો તૃપ્તિને પામી જાય એના વચનનો અનાદર કરીએ એટલે અવદશા જ થાય કેમ કે, કુકર્મી કુબુધ્ધિના કાળ શ્રીહરિજી !!

# જેતપરનાં કડવીબાઈ

જેમ દુન્યવી બાબતો જેવી કે ધન, મિલકત, દીકરા, સગાસંબંધી, ઉંમર, ધંધો વગેરેનો માણસને કેફ હોય છે. તે જ રીતે માણસને આધ્યાત્મિક બાબતોનો કેફ ચડી જતો હોય છે. આ કેફ જ તેને તેના લક્ષ્ય સુધી જવાનું પ્રેરકબળ બની રહે છે. પ્રથમ કહેલો કેફ તો ઘટે પણ ખરો, પરંતુ ભજન, ભક્તિ, ઉપાસનાનો કેફ ઘટતો નથી. પ્રતિદિન વધતો જ રહે છે. આવા જ કેફવાળા હતા જેતપુરના રામબાઈ. રામાનંદ સ્વામીના સમયથી જ જીવા જોષી સત્સંગી હતા. તેમને સંતાનમાં બે દીકરા તથા એક દીકરી હતા. જીવા જોષીએ સમગ્ર પરિવારને સત્સંગના રંગે રંગી દીધો હતો. પરિવારના બધા જ સભ્યોમાં એક વિચાર દૃઢ હતો. કે ભગવાન જે કાંઈ કરે છે તે આપણા સારા માટે જ કરે છે. ગરીબ કુટુંબ હતું. તેથી મુશ્કેલીઓ પારાવાર ભોગવતું, પરંતુ શ્રીહરિની નિષ્ઠામાં કચાસ આવવા ન દેતા. દીકરી કડવીબાઈને ગામમાં જ એક બ્રાહ્મણને ત્યાં પરણાવેલ.

સાસરિયા બિન સત્સંગી હોવાથી સ્વામિનારાયણના વિરોધી હતા. તેથી કડવીબાઈનાં પણ વિરોધી હોય તે સ્વાભાવિક હતું. કડવીબાઈ સત્સંગના નિયમોનું ચૂસ્તપણે પાલન કરતા, પણ સસરાપક્ષને એ બાબતે મોટો વાંધો હતો. દરરોજ સવારમાંથી જ અપશબ્દો, વાંધા-વચકા, મહેણા-ટોણા અને શારીરિક ત્રાસ આપતાં પણ કડવીબાઈ આ સામે વાંધો ઉઠાવતા જ નહીં. શ્રીહરિને પ્રાર્થના કર્યે રાખતાં. સમગ્ર જીવન કડવાશથી ભરાઈ ચૂક્યું હતું. કડવીબાઈને નામ પ્રમાણે સમય પણ કડવો જ મળ્યો હતો. સાસુ સસરા, પતિ, નણંદને કડવીબાઈ માટે કોઈ લાગણી જ ન હતી.

એક વાર કડવીબાઈ સીમમાં કરગઠિયા લેવા ગયા હતાં. કીર્તન ગાતાં ગાતાં પોતાની મસ્તીમાં દુઃખ ભૂલી ગયાં હતાં. એકાએક તેમના કીર્તન સાંભળીને શ્રીહરિ દિવ્યદેહે પોતાના ભક્તના કીર્તન ને સાંભળવા આવી ગયા અને બોલ્યા, ''કાં કડવીબાઈ !, કીર્તન તો

સારા બોલો છો હવે શું કરવું છે ?'' કડવીબાઈ કહે, ''મહારાજ, બસ..... તમારા કીર્તન ગાવા છે ને ભક્તિ કરવી છે. મહારાજ કહે, ''ભક્તિ કરનારને આવા બંગડી વગેરે સંસારી સાજ શોભે નહીં. લાવો આ ઠઠારો અમને આપી દ્યો.'' કડવીબાઈએ લગ્નજીવનના સાજ શણગાર બંગડી વગેરે ત્યાં જ, તરત જ ઉતારી નાખ્યાં અને મહારાજને સોંપી દીધા. મહારાજે એક બંગડી પાછી આપી. ગઢપુર પહોંચીને લાડુબાને બંગડીઓ આપી દીધી.

હવે કડવીબાઈ સાવ સાદું જીવન જીવવા લાગ્યા. સંસારના સુખ રૂપી દૂધમાં સર્પની લાળ દેખાઈ ગઈ, તેથી તેનાથી નિઃસ્પૃહ થઈ ગયા. તેમની ભજન ભક્તિથી બધા ખૂબ જ કંટાળી ગયા. તેના ધણીએ તો કહી દીધું. ''તું તારા આ સ્વામિનારાયણની પૂજા, ભક્તિ બધું જ છોડી દે. અમારી જેમ રહેવા માંડ નહીંતર હવેથી તું મારે 'બહેન' સમાન છો.''કડવીબાઈએ તરત જ કહી દીધું, ''આ દેહે કરીને તો સ્વામિનારાયણની હતી, છું અને રહીશ, તું મને 'બહેન' કહેતો હો તો આજ પછીથી તું મારો 'ભાઈ' છો.'' આમ કહીને કડવીબાઈએ તે જ પળે પોતાના નાકની ચૂંક, ચાંદલો, હાથની બંગડી વગેરે સર્વે ચીજવસ્તુઓ ઉતારીને તેની સામે મૂકી દીધી. વાળ કપાવી નાખ્યા અને 'સાંખ્ય યોગી' નો વેશ ધારણ કરી લીધો.

કડવીબાઈના આ નિર્ણયથી સસરાના ઘર પર તો જાણે કે વીજળી પડી. તેમણે બધાએ કડવીબાઈને મારી નાંખવાનું નક્કી કરી લીધું. આ બાબતની જાણ જેતપુર ગામધણી ઉન્નડ ખાચરને થઈ. શ્રીહરિના અંતર્યામીપણાથી પ્રેરિત દરબાર ઉન્નડ ખાચરે કડવીબાઈના સસરા પક્ષના લોકોને તેડાવ્યા અને કહ્યું, ''મારા ગામમાં ભગવાનની ભક્ત કડવીબાઈને જો તમે કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડી છે તો જીવનભર ન ભૂલાય એવી સજા તમને કરીશ.'' સસરાપક્ષના લોકોની કડવીબાઈ વિરુદ્ધની વાતોના જવાબમાં દરબારે કહ્યું, ''આ વાત તમારે પહેલા વિચારવાની હતી.'' પણ કડવીબાઈની સાસુના શબ્દો ''તેણે તેના ધણીને 'ભાઈ' કહીને ત્યાગ કર્યો છે.'' સાંભળીને ઉન્નડ ખાચર પણ મોંમા આંગળી નાખી ગયા. તેમને એ વાતની ખાત્રી થઈ ગઈ કે કડવીબાઈ સાચા ભક્ત છે. તેમણે કડવીબાઈને તેડાવીને પૂછ્યું, ''દીકરી, ભક્તિ કરવી હતી તો લગ્ન કેમ કર્યું ? હવે લગ્નજીવનમાં આમ થોડું વર્તાય ? કડવીબાઈએ કહ્યું,'' દરબાર શ્રી, તમે તો મારા પિતા સમાન છો. મેં લગ્નજીવનને વિધિનો ખેલ ગણીને સ્વીકારી લીધું હતું. દુઃખમાં પણ ફરિયાદ કર્યા વગર ભજન કરતી રહી છું, પણ હદ તો ત્યારે આવી ગઈ કે જ્યારે મારા ધણીએ પોતે મને 'બહેન' કહી દીધી. મારા માટે આ જ વિકલ્પ હતો.દરબારે પૂછ્યું, ''હવે શું કરવું છે ? કડવીબાઈ એ કહ્યું, ''મારે તો ભજન કરવા સિવાય કાંઈ કરવું નથી. ભક્તિમાં જ દિ' કાઢવા છે. શ્રીહરિ જેમ રાખે તેમ રહીને તેમની ભક્તિ જ કરવી છે. તેમની ઈચ્છા એ જ મારું પ્રારબ્ધ છે.'' દરબારે કહ્યું, ''ધન્ય છે તને ! તારી નિષ્ઠા સાચી છે. પ્રતિકૂળતાઓ વચ્ચે પણ તેં તારી ભક્તિ છોડી નથી. જેતપુર ગામ પણ ભાગ્યશાળી છે કે જેની ભૂમિ પર તારા જેવી ભક્તિમાર્ગે અચળપણે ચાલતી દીકરી એ જન્મ લીધો છે. હવે તને આ લોકો કોઈ જ દુઃખ નહીં આપે. દુઃખ પડ્યે અમને જાણ કરજે. જા, સુખેથી ભક્તિ કર.''

મહારાજ પોતાના ભક્તાની માનસિકતાને જાણતા હતા. કડવીબાઈ પોતાની કસણીમાં પણ પોતાને મુખ્ય રાખ્યા જાણીને તે જ રાત્રે દિવ્ય દેહે કડવીબાઈની સહાયતા અર્થે આવી ગયા. શ્રીહરિએ પૂછ્યું, ''કડવીબાઈ, ભજન કરવા આવી જવું છે ને ?'' કડવીબાઈએ કહ્યું, ''હા મહારાજ ! હવે તો દયા કરીને

લઈ જાવ તો સારું," મહારાજે કહ્યું. "આવતીકાલે સવારે નદીમાં સામા કાંઠે અમારા મોકલેલા પાર્ષદો તેડી જશે. માટે સામા કાંઠે પહોંચી જજો." બીજે દિવસે સવારમાં કડવીબાઈ કપડાં ધોવાના નિમિત્તે ભાદર નદી એ ગયા. ઉપરવાસના વરસાદને લીધે નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. કડવીબાઈને તો શ્રીહરિ ઉપર ભરોશો હતો. તેમણે તો પૂરમાં ઝંપલાવ્યું. કાંઠે ઊભેલા લોકોમાં રડારોળ મચી ગઈ. ઘરે સમાચાર મળતા સાસરિયામાંથી સૂર ઉઠ્યો, "મૂઈ, તણાઈ ગઈ તો, આપણે તો તેના નામનું પહેલેથી જ નાહી નાંખેલું છે."

કડવીબાઈ તો નદીમાં દિવ્ય દર્શન થતાં જ પૂરમાં મહારાજની પાછળ પાછળ ચાલતાં થઈ ગયાં અને સામે કાંઠે પહોંચી ગયાં. ત્યાં તેમની રાહ જોતા બે પાર્ષદો કડવીબાઈને ગઢડા તેડી ગયા. મહારાજે કડવીબાઈને જોતાં જ આવકાર્યા. તેમની સોંપણી લાડુબા અને જીવુબાને કરીને અગાઉ આપેલી બંગડી કડવીબાઈની હતી તે પણ કહ્યું. ત્યાર બાદ મહારાજે કડવીબાઈનું નામ રામબાઈ રાખ્યું.


પ્રવેશ શરૂ થઈ ચૂક્યો છે.

॥શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્॥

શ્રી નરનારાયણદેવ ટ્રસ્ટ પ્રાયોજિત, શ્રી સહજાનંદ ગુરુકુલ - માનકુવા સંચાલિત

## શ્રી પુરુષોત્તમ વિદ્યાલય - માનકુવા

### ગુજરાતી માધ્યમમાં

- આગામી શૈક્ષણિક સત્ર ૨૦૧૭-૧૮ માટે ધો. ૬ થી ૮ પ્રાથમિક વિભાગ તેમજ ધો. ૯ માધ્યમિક વિભાગ અને ધો. ૧૧ (કોમર્સ) ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટેના પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયેલ છે.
- સંતોના સાંનિધ્યમાં ગુરુકુળમાં રહી આપણાં બાળકોમાં સંસ્કાર તેમજ શિક્ષણનાં સિંચન કરવાનું ઉત્તમ સ્થળ એટલે...... "શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવા"

ભુજ-નખત્રાણા હાઈવે રોડ, માનકુવા, તા. ભુજ-કચ્છ

સંપર્ક : (૦૨૮૩૨)૨૭૭૨૭૧/૨૭૭૨૭૪, મો. ૯૬૮૭૬૦૭૮૧૫




RULED By Shree NarnarayanDev Trust

Shree Sahjanand Gurukul - Mankuva

Organised

## S.S.G.M SCHOOL

(Eng. Med.)

Admission open for the academic year 2017-18. for the Standerd L.K.G./U.K.G and Std. 1 to 9 (C.B.S.E. pattern). Academic session starts from 3-4-2017.

SSGM SCHOOL - MANKUVA

Shree Sahjanand Gurukul - Mankuva, Bhuj-Nakhatrana Highway, Mankuva, Ta. Bhuj-Kutch, Contact - (02832)277271/277274, Mo. - 9687607815

## રામાનુજાચાર્ય ૧૦૦૦મી જન્મ જંયતી પર્વે...

# શ્રી રામાનુજાચાર્ય

- ધરમશી દેવશી ભગત, ત્રિવેન્દ્રમ-કેરાલા

ઉધ્ધવ અવતાર રામાનંદ સ્વામી અને આદિશેષાવતાર શ્રી રામાનુજાચાર્યના જીવનમાં એક બાબત સમાન પણ જોવા મળે છે. બંનેએ પોતાના ગુરુનો ત્યાગ કર્યો હતો. મૂર્તિ પૂજાના હિમાયતી રામાનુજાચાર્યને પોતાના ગુરુ યાદવપ્રકાશ સાથે વાંધો પડતાં તેનો ત્યાગ કરી વિષ્ણુના મંદિરે જઈ વસ્યા. ત્યાંથી મેલકોટા મૈસુરથી સિતેર કિલોમીટર દૂર આવેલ. આ સ્થાને નવ વર્ષ રહી શિષ્યોને ભણાવવા પાઠશાળા શરૂ કરી હતી. રામાનુજાચાર્ય અયોધ્યા પધારેલા. ત્યારે દિગંબર અખાડા આશ્રમ નામની જગ્યાએ રોકાયેલા હતા. ત્યાં રહેલી રામ-લક્ષ્મણ અને જાનકીની મૂર્તિઓની પૂજા અર્ચના કરેલી હતી. આજે આ સ્થાને મંદિર છે. ત્યારે મંદિર ન હતું. પણ મૂર્તિઓ એજ પધરાવેલી છે. મંદિર બન્યું તેને સાડા ત્રણસો વર્ષ થયાં છે. મંદિરના ગેટ ઉપર બોર્ડમાં લખ્યું છે. (શ્રી રામાનુજાચાર્ય દિગંબર અખાડા મંદિર) રામાનુજાચાર્યનું નામ વાંચી અમે તે મંદિરમાં દર્શન કરવા ગયા. મંદિરના મેનેજરને પૂછ્યું આ આચાર્ય તો સ્વામિનારાયણ સંપ્રદાયની પૂર્વ પરંપરામાં આવે છે. તમારે ને રામાનુજાચાર્યનો કઈ રીતે સંબંધ છે. તેમણે કહ્યું રામાનુજે પૂજેલી આ મૂર્તિઓ છે તે શું ઓછું છે ! મેં પૂછ્યું તમે આ આચાર્યના જીવનકાર્ય વિષે કંઈ જાણો છો ? તો કહ્યું તેઓ દક્ષિણ ભારતમાંથી આવેલા હતા. તેથી વધારે અમે જાણતા નથી.

જીવનમાં અંતિમ દિવસો રામાનુજાચાર્યે શ્રીરંગક્ષેત્રના મંદિરમાં વિતાવ્યા હશે તેમ માનવું રહ્યું. કારણ રામાનુજાચાર્ય તો દેહ પદ્માસને બેઠેલો જોવા મળે છે. દેહના ઉપર માટીનો લેપ કરેલો છે. હજારેક વર્ષ થયા હશે એજ દેહ હશે. સાચું ખોટું તો મંદિરવાળા જાણે ! આપણને તો દર્શન જ કરવાનાને !

રામાનંદ સ્વામી અયોધ્યાથી ગૃહત્યાગ કરી પશ્ચિમમાં ગોપનાથમાં રહેતા ગોપાલ યોગીના શિષ્ય આત્માનંદ સ્વામી પાસે જઈ રહ્યા. આત્માનંદજી આઠે પહોર સમાધિમાં રહેતા ને ગુરુ પ્રતાપે અનેક સિધ્ધિને પામ્યા હતાં. રામાનંદ સ્વામીએ વિચાર્યું ગુરુને પ્રત્યક્ષ દર્શન થતાં હશે. એટલે મને પણ કૃપા કરી એક દિવસ દર્શન કરાવશે. ગુરુએ કહ્યું અષ્ટાંગયોગ શીખ્યા વગર દર્શન નહિ થાય માટે પહેલાં યોગી શીખી લો પછી દર્શન થશે. રામાનંદ સ્વામીએ યોગ સાધના શીખી લીધી. છેલ્લે સમાધિમાં બ્રહ્મતેજનું દર્શન થયું. સાકાર રૂપનું દર્શન ન થયું. તેથી વધારે મુંઝવણ થઈ. ગુરુએ રામાનંદ સ્વામીને કહ્યું, આ તેજોમય દર્શનને જ શ્રી કૃષ્ણ માની લ્યો. વધારે આશા રાખશો નહિ. આકાર માત્ર તો માયિક છે ને નાશવંત છે. આ સાંભળી સ્વામી અતિ ઉદાસ થઈ ગયા. આજ દિવસ સુધી કરેલી સાધના નિષ્ફળ ગઈ. પ્રત્યક્ષ દર્શનના ભૂખ્યા સ્વામી તે સ્થાન અને ગુરુજીનો ત્યાગ કરી દક્ષિણમાં રામાનુજાચાર્યને મળવા શ્રીરંગ ક્ષેત્રમાં ગયાં. આચાર્ય તો હતા નહિ. સ્વામી ત્રણ માસ અહિં રોકાયેલા. મંદિરમાં રોજ શ્રી પ્રપન્નામૃત ગ્રંથની કથા વંચાતી સ્વામી તેનું શ્રવણ કરતાં.

એક સવારમાં રામાનુજાચાર્યે સ્વામીને સ્વપ્નમાં દર્શન દીધા. આ સ્વપ્ન સાચું તો નથી ને આંખો ખોલી જોયું. રામાનુજાચાર્યના પ્રત્યક્ષ દર્શનથી સ્વામી

ભાવવિભોર બની ગયા. જાણે ભવોભવની ભૂખ ભાંગી ન હોય. રામાનુજાચાર્યે કહ્યું હું તમારા પર પ્રસન્ન થયો છું. જે ઈચ્છા હોય તે વર માંગો ! સ્વામીએ માંગ્યું સર્વેશ્વર શ્રીમન્નનારાયણના મને દર્શન થાય તેવી કૃપા કરો. રામાનુજાચાર્યે સ્વામીને ભાગવતી દિક્ષા આપી અને મંત્ર આપ્યો.

આ મંત્ર જાપથી તમારા સર્વ સંકલ્પ સિધ્ધ થશે ને તમને નારાયણના દર્શન થશે. રામાનુજાચાર્યે તુલસીની બેવડી કંઠી જપમાળા ને ઉર્ધ્વપુંડ તિલક કરવાનો વિધી બતાવ્યો. સ્વામીને વૈષ્ણાવાચાર્યની પદવી આપી ને શરણાગતોને વૈષ્ણવી દિક્ષા આપવાની આજ્ઞા કરી અને વધારામાં કહ્યું આમ કરતાં જો આ સ્થાને ઉપદ્રવ થાય તો આ સ્થાનનો ત્યાગ કરી દેજો.

સ્વામી આશ્રિત જનોને વૈષ્ણવી દિક્ષા આપવા લાગ્યા. ગળામાં બેવડી કંઠી ધારણ કરાવતા ને ઉર્ધ્વપુંડ તિલક કરવાનું કહેતાં. ભક્ત સમુદાય વધવા લાગ્યો. જૂના બ્રાહ્મણનો આ ખટક્યું. બધા ભેગા થયા ને સ્વામીને ધમકાવ્યા. સ્વામીની પૂજા ઝૂંટવી લીધી. કંઠી અને જનોઈ તોડી નાંખ્યાં. પુસ્તક અને કમંડળ પણ તોડી નાંખ્યાં. સખણા રહેવું છે કે પછી માર ખાવો છે ? ક્યાંના છો ને કોણ ગુરુ ? આપમેળે વૈષ્ણવી દિક્ષા લઈ વૈષ્ણવાચાર્ય બની બેઠા છો ને નવો પંથ ચલાવો છો. રાત લઈ ભાગી જાવ. જો કાલે દેખાણા તો તમારી ખેર નથી. આવો વિરોધ થવો સ્વાભાવિક હતો. રામાનુજાચાર્યે વિરોધ થશે એવી ચેતવણી તો આપી જ હતી. અંતે સ્વામીએ ઉર્ધ્વપુંડ તિલક આદિ બાહ્ય ચિહ્નોનો પણ ત્યાગ કરી ત્યાંથી વૃંદાવનને માર્ગે ચાલી નીકળ્યા. અને વૃંદાન માં ભગવાનની આજ્ઞાથી ઉધ્ધવ સપ્રદાયની સ્થાપના કરી સં.૧૮૧૧.


# શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ

## ધો. ૯ ના પ્રવેશ અંગેની સૂચનાઓ

**જૂન, ૨૦૧૭ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે માત્ર ધો. ૯ના પ્રવેશ અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.**

(૧) ધો.૯માં માત્ર બહાર ગામના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
(૨) પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.
(૩) પ્રવેશ પરીક્ષા તા.૨-૫-૨૦૧૭ મંગળવારે સવારે ૯:૩૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ મધ્યે લેવાશે.
(૪) પરીક્ષાર્થીએ સવારે ૯:૦૦ કલાકે હાજર થઈ જવું.
(૫) પેપર લખવા માટે બોલપેન તથા ઓઠા માટે પાટિયું સાથે લાવવા.
(૬) ધો.૮ના પરિણામપત્રક (માર્કશીટ)ની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.
(૭) પરીક્ષા ૫૦ ગુણની રહેશે, જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી અને સમાન્ય જ્ઞાનના પ્રશ્નોના જવાબ લખવાના રહેશે.
(૮) પ્રવેશ પરીક્ષાનું પરિણામ તા.૪-૫-૨૦૧૭ ગુરૂવારના સવારે ૯:૦૦ કલાકે સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.
(૯) મેરીટ ક્રમ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. જે વિદ્યાર્થીને પ્રવેશ મળેલ હશે તેનું નામ પ્રવેશયાદીમાં લખેલું હશે. પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ પોતાની ફી બે દિવસમાં ભરી જવાની રહેશે.
(૧૦) પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ પોતાનું અસલ સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ (એલ.સી.) તથા માર્કશીટની ઝેરોક્ષ નકલ તેમજ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તા.૪-૫-૨૦૧૭ના દિવસે જ સંસ્થાના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

**વિદ્યાર્થી ભવનનું સરનામું : લીમડા લાઈન, સંસ્કારનગર, ભુજ**
**ફોન નંબર(૦૨૮૩૦) ૨૨૦૩૩૨**

**પ્રમુખ - મંત્રી - સંચાલક,**
**શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ**

# સત્સંગ સમાચાર દેશ

## ૪૫૧ સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંપન્ન

ભુજ મંદિર સ્થિત શ્રી નરનારાયણદેવ સભામંડપમાં પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી તા. ૨૮-૩-૨૦૧૭ થી તા. ૩-૪-૨૦૧૭ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સર્વ પ્રિયજનોની સ્મૃતિ અર્થે તેમજ ગૌમાતાના લાભાર્થે યોજવામાં આવેલ. સમય-શક્તિના સદુપયોગ સમાન આ આયોજનમાં યજમાનોએ ભક્તિભાવ સાથે ૪૫૧ પોથીઓ નોંધાવી હતી. સપ્તાહ પારાયણ સાથે નારાયણ યજ્ઞ પણ સંપૂર્ણ શ્રધ્ધા સાથે ભક્તિભાવ સહ સંપન્ન કરવામાં આવેલ. ગામ સુખપરના પ.ભ. માવજીભાઈ હરજી વરસાણી ધ.પ. કુંવરબાઈ માવજી સહપરિવારે કથા પારાયણના મુખ્ય યજમાનપદે રહીને શ્રીહરિની પ્રસન્નતા તથા સંતોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

તા. ૨૭-૩-૧૭ના સાંજે પ્રસાદી મંદિરેથી ભવ્ય પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. આ ભવ્ય યાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો પરંપરાગત સુંદર આકર્ષક વસ્ત્રો પરિધાન કરી ઉત્સાહ અને ઉમંગભેર જોડાયા હતા. સંતોનું સાંનિધ્ય યાત્રાની દિવ્યતાને દેદીપ્યમાન બનાવી પવિત્ર વાતાવરણનું નિર્માણ કરતા હતા. મસ્તક પર પોથીઓ ધારણ કરી યાત્રાની ગરિમા અનુસાર ભારતીય પરંપરા વ્યક્ત કરતી યજમાન મહિલાઓના હૈયામાં હર્ષની હેલી ચડી હતી. મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ પોથીયાત્રા વાજતે-ગાજતે મંદિરે પહોંચી હતી. જ્યાં સુયોગ્ય સ્વાગત બાદ પોથીઓ સભામંડપમાં યથાસ્થાને પધરાવવામાં આવી હતી.

સમૂહ ભાગવત કથા પારાયણમાં એક સાથે ૪૫૧ પોથીઓ હોય તેવી આ ઐતિહાસિક ઘટનાનો શ્રેય ભુજ મંદિરના ફાળે જાય છે. તા. ૨૮-૩-૧૭ના વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ વિધાનપૂર્વક સમૂહ પૂજન કરાયા બાદ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનું મંગલાચરણ થયું હતું. દીપ પ્રાગટ્યમાં સંતો, સાથે ટ્રસ્ટીઓ તથા યજમાનોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી. આ સપ્તાહ પારાયણ અંતર્ગત આવતા પ્રસંગો સંપૂર્ણ ભક્તિભાવ સાથે ભવ્ય રીતે ધામધૂમથી ઉજવાયા હતા. તા. ૩૦-૩-૨૦૧૭ની સાંજે 'રામ જન્મોત્સવ' પ્રસંગે અદ્ભુત માહોલનું નિર્માણ કર્યું હતું. હરિભક્ત શ્રોતાગણ રામ જન્મના કથા પ્રસંગનું શ્રવણ કરી ભાવ વિભોર બન્યા હતા.

તા. ૩૧-૩-૧૭ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિથી સંતો-ભક્તોનાં હૈયા પુલકિત બન્યા હતા. આચાર્ય મહારાજશ્રીએ આવા ભવ્ય આયોજનો બદલ પ્રસન્નતા વ્યક્ત કરી સંપૂર્ણ સુચારુ વ્યવસ્થાઓની ખાસ નોંધ લઈ સૌને બિરદાવ્યા હતા. આશીર્વચનમાં તેઓએ ભારપૂર્વક જણાવ્યું કે સંત, સત્સંગી કે સાંખ્યયોગી મહારાજના વચનમાં રહી સેવા પરાયણ રહે તે સર્વ સમસ્યાઓનું સમાધાન છે. તા. ૩૧-૩-૧૭ ના કૃષ્ણ જન્મની ઉજવણી ભવ્ય રીતે ધામધૂમથી કરવામાં આવી. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'ના જયઘોષથી આખું કથામંડપ ભક્તિરસમાં ગરકાવ થઈ ગયું ! ભક્તો ગુલતાન થઈને નૃત્ય (રાસ) કરી પોતાના હર્ષોલ્લાસના ભાવ વ્યક્ત કરતા હતા. ચારે દિશાઓ શ્રીકૃષ્ણના જયઘોષથી ગુંજી ઊઠી

હતી. સંતો-ભક્તોના આનંદની સીમા નહોતી. ભુજ નિવાસી (સુખપર-રોહાવાળા) હાલે લંડન પ.ભ. નારણભાઈ ભીમજી પિંડોરીયા સહપરિવારે તથા સુખપર-રોહાવાળા (હાલ ટાંઝાનિયા) અ.નિ. પ.ભ. રવજીભાઈ લાલજી પિંડોરીયા ધ.પ. ગં.સ્વ. માનબાઈ સહપરિવારે કૃષ્ણ જન્મોત્સવના યજમાન પદને શોભાવ્યું હતું. કૃષ્ણ જન્મ બાદ યોજાયેલ મહાઆરતીએ પણ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. સંગીતની સુમધુર સુરાવલિઓ સાથે આરતી ઉતારવામાં આવી હતી. આવા અનમોલ અવસરનો લાભ નસીબવંતા ભક્તોને જ પ્રાપ્ત થાય!

તા. ૨-૪-૧૭ના રોજ અતિ આનંદ અને ઉત્સાહભેર રૂક્ષ્મણી વિવાહ ઉમંગભેર ઉજવાયો હતો. પરંપરાગત વાજિંત્રો ઢોલ ધ્રબૂક્યા હતા અને શરણાઈના સુરથી વાતાવરણમાં લગ્નનો માહોલ સર્જાયો હતો. હરિભક્તો હોંશભેર સાજન-મહાજન રૂપે લગ્નનો આનંદ માણી રહ્યા હતા. રવિવાર હોવાથી ખૂબ મોટી સંખ્યામાં શ્રોતાગણ કથા શ્રવણાર્થે ઉમટી પડ્યો હતો. આ પવિત્ર પાવનકારી પ્રસંગે ઠાકોરજીના યજમાનપદે પ.ભ. શીવજી નારણ રાબડીયા ધ.પ. જશુબેન સપરિવાર રહ્યા હતા. જ્યારે કન્યા પક્ષના યજમાનપદે રહીને ભુજના (સુખપર-રોહાવાળા હાલે લંડન) પ.ભ. નારણભાઈ ભીમજી પિંડોરીયા ધ.પ. કાન્તાબેન સપરિવારે તેમજ સુખપર-રોહાના (હાલે ટાંઝાનિયા) અ.નિ. રવજીભાઈ લાલજી પિંડોરીયા, ધ.પ. માનબાઈ સપરિવારે યજમાનપદનો લ્હાવો લીધો હતો.

કથા અંતર્ગત આશીર્વાદ પાઠવતાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આ પ્રસંગને અલૌકિક ગણાવતાં જણાવ્યું કે આટલી મોટી સંખ્યામાં પોથીઓ નોંધાઈ છે તે મંદિર પ્રત્યેની ભક્તોની નિષ્ઠા અને શ્રધ્ધા વ્યક્ત કરે છે. માત્ર પિતૃઓના મોક્ષાર્થે જ નહીં પરંતુ ગૌમાતા પાલન-પોષણના હેતુસર આ પારાયણનું આયોજન થયું છે તે નોંધપાત્ર છે અને વિશેષ આનંદની વાત છે. વિવિધ પ્રસંગોને દીપાવવા યજમાનપદે રહેલા હરિભક્તોને તેમજ પોથીઓના યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવી રાજીપો વ્યક્ત કર્યો હતો.

કોઠારી પાર્ષદ જાદવજી ભગતે વિશેષ આનંદ સાથે આશીર્વચનમાં જણાવેલું કે આપણી ભૂમિ એવી છે કે લગભગ દર વર્ષે ઉનાળાના પ્રારંભથી જ ઘાસચારાની તીવ્ર તંગી વરતાય છે અને માલધારીઓને ચોમાસા સુધી પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવાનો મોટો પડકાર હોય છે. આવા સમયે આપણું આ મંદિર મૂંગા અબોલ પશુઓના નિભાવને પહોંચી વળવા સદૈવ સક્રિય હોય છે. ગત વર્ષે દોઢ કરોડ રૂપિયાનો ચારો ગૌમાતાના મુખે પહોંચાડનાર આ સ્વામિનારાયણ મંદિરે ચાલુ વર્ષે પણ ગૌવંશને ઉગારવાનો દૃઢ સંકલ્પ કર્યો છે તેવું જણાવતાં ઉમેર્યું કે સમૂહ ભાગવતમાં થનારી તમામ આવક ગૌસેવા માટે જ વપરાશે. સાથોસાથ આયોજનમાં સહકાર આપનાર હરિભક્તો અને દાતાઓ તથા યજમાનોની ભાવનાને બિરદાવી અને સત્કાર્યમાં સૌ જોડાય તેવો અનુરોધ કર્યો હતો.

સદાય વંદનીય પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ અંતરના આશીર્વાદની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું કે સમય, શકિત અને શ્રી(પૈસો)ના બચાવ સાથે ધર્મ પ્રત્યેની શ્રધ્ધા સાથેના સત્કાર્યોને પ્રેરિત કરે એવો આ અવસર સનાતન ધર્મની સંગઠિતતાનું પ્રતીક છે. તેથી જ પ્રિયજનોના મોક્ષાર્થે, સ્મૃતિ અર્થે અને ગૌમાતાના લાભાર્થે યોજાયેલ આ શ્રીમદ્ ભાગવત કથા પારાયણમાં ૪૫૧ જેટલી પોથીઓ નોંધાઈ છે, જે આપણી સંગઠિતતા કેટલી મજબૂત છે તે દર્શાવે છે. એકતામાં જ સૌનું શ્રેય છે અને એકતા જ ગમે તેવી વિષમ સમસ્યાનું સમાધાન આપે છે. આપણા હરિભક્તોની આ એકતા નોંધપાત્ર છે. વિકટ સમયમાં સમગ્ર કચ્છના પશુધનને ઉગારવાની પરંપરા સાચવનાર ભુજ સ્વામિનારાયણ મંદિરને આવા સમૈયાઓથી ઉત્સાહનું બળ

મળે છે. પોથીના યજમાનો, પ્રસંગોના યજમાનો, અન્ય દાતાઓ તેમજ સૌ સેવારત હરિભક્તો અને સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા અને શ્રધ્ધાને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૮-૩-૧૭ થી તા. ૩-૪-૧૭ સુધી યોજાયેલ આ કથા પારાયણની કથાનું રસપાન વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વકતાઓ શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી ભકતવત્સલદાસજીએ પોતાની વિદ્વતાસભર મધુરશૈલીમાં કરાવેલ. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજીએ સંગીતની સુમધુર સુરાવલિ સાથે પ્રસંગોચિત ભાવવાહી વાતાવરણનું નિર્માણ કરી કથાને વધુ અસરકારક બનાવી હતી. શબ્દ સંકલન સાથે સુચારુ સભાસંચાલન પુ. સ્વામી ઉત્તમચરણદાસજી તથા પુ. સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું.

દરરોજ રાત્રી કાર્યક્રમોએ સારું આકર્ષણ જમાવ્યું હતું. રાસોત્સવ ઉપરાંત ગુરુકુળના છાત્રોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

તા. ૪-૪-૧૭ના રોજ મહાવિષ્ણુયાગ યજ્ઞ શાસ્ત્રોકત વિધિ વિધાનપૂર્વક સંપન્ન થયો હતો. પ.પૂ. મહંત સ્વામી, વડીલ સંતો, યજમાનો, ટ્રસ્ટીઓ અને હરિભકતોની ઉપસ્થિતિમાં મહંત સ્વામીના વરદ્ હસ્તે શ્રીફળ હોમવામાં આવેલ,

સમગ્ર કથા પારાયણમાં સાં.યો. મહંત પ.પૂ. શામબાઈ ફઈના સાંનિધ્યમાં કથા શ્રવણનો લાભ સાં.યો. અને ગૃહસ્થ બહેનોએ લીધો હતો.

★★★★★★★★★★★★★★★★★★★★★★

## વિવિધ ઉત્સવોની ઉજવણી : મદનપુર

**શ્રીનરનારાયણદેવ જયંતી-ધુળેટી :** શ્રી સ્વામિનારાયણ મંદિર મદનપુર દ્વારા તા.૧૩-૦૩-૨૦૧૭ ફાગણ વદ-૧ શ્રીનરનારાયણદેવ જયંતી, ધુળેટી ના દિવસે સવારે મંદિરમાં સમૈયો કરી શ્રીનરનારાયણદેવને કેસુડાના ફુલના હિંડોળામાં પધરાવીને આરતી કરવામાં આવી હતી. સાંજે સંધ્યા આરતી કરી શ્રીનરનારાયણદેવની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં ભવ્ય હિમાલય અને બદ્રીના વૃક્ષ નીચે શ્રીનરનારાયણદેવ પધરાવવામાં આવ્યા હતા. શોભાયાત્રા મદનપુર શ્રીસ્વામિનારાયણ મંદિરથી નરનારાયણ નગર શ્રીસ્વામિનારાયણ મંદિર પહોંચી મંદિરમાં ભવ્ય ફુલના હિંડોળે ઝુલતા શ્રીનરનારાયણદેવના દર્શન કરી સુખપર શ્રીસ્વામિનારાયણ મંદિરથી પરત મદનપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા હતા. મદનપુર, સુખપર, નરનારાયણ નગર ત્રણે મંદિરના સાં.યો. બહેનોએ શ્રીનરનારાયણદેવનું પૂજન કરી થાળ જમાડ્યા હતા. શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં હરિભકતો ભાગ લીધો હતો.

**રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી :** તા. ૦૫-૦૪-૨૦૧૭ ચૈત્ર સુદ-૯ રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતીના દિવસે મદનપુર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય રીતે ઊજવવામાં આવી હતી. સવારે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. બપોરે ૧૨ વાગ્યે શ્રીરામ ભગવાનના પ્રાગટ્યની આરતી કરવામાં આવી હતી. તેમજ રાત્રે ૧૦ વાગ્યે શ્રીઘનશ્યામ જન્મોત્સવ દરમ્યાન સમૈયો કરવામાં આવ્યો હતો. પછી શ્રીઘનશ્યામ જન્મોત્સવ નિમિત્તે મહાઆરતી કરવામાં આવી હતી. શ્રીઘનશ્યામ જન્મોત્સવમાં બહોળી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. બધા હરિભકતોને પંચામૃત અને પંચાજીરીની પ્રસાદી પણ આપવામાં આવી હતી.

**મદનપુર શ્રીસ્વામિનારાયણ મંદિરનો ૫૯મો વાર્ષિક પાટોત્સવ :** શ્રી સ્વામિનારાયણ મંદિર મદનપુરનો ૫૯મો વાર્ષિક પાટોત્સવ તા.૧૬-૪-૨૦૧૭ થી તા. ૨૦-૪-૧૭ સુધી ઊજવવામાં આવ્યો હતો. પાટોત્સવ નિમિત્તે શ્રીપુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પંચદિવસીય પારાયણ

સંગીતમાં કરવામાં આવી હતી. પારાયણમાં સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી સ્વામી સાથે તેમના મંડળના સંતો પધાર્યા હતા. કથામાં વકતા પદે શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી હતા. સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજી તેમજ તબલાવાદક સ્વામી કપીલમુનીદાસજી હતા. તા. ૧૯-૪-૨૦૧૭ ચૈત્ર વદ-૮ના દિવસે ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેકના દિવસે સવારે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં હરિભકતો આવ્યા હતા. પ્રભાતફેરી બાદ બન્ને મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી. બહેનોનાં મંદિરમાં ગૃહસ્થ બહેનો દ્વારા અન્નકુટ બનાવવામાં આવેલ અને શ્રી ઠાકોરજીને ધરાવવામાં આવેલ, જેમાં સમગ્ર ગામના બહેનો હરિભકતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઠાકોરજીને પોતાને મનગમતા થાળ જમાડવાનો લ્હાવો લીધો હતો. બહેનોનાં મંદિરમાં પણ અન્નકૂટની આરતી સંતો દ્વારા ઉતારવામાં આવી હતી. બાદ ભગવાન શિવ, હનુમાનજી તથા ગણપતિજીનાં મંદિરનાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારાવામાં આવી હતી.

- કલ્પેશ વેલાણી, મદનપુર

★★★★★★★★★★★★★★★★★

## ત્રિ-દિવસીય રાત્રી સત્સંગ સભા : સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપરને આંગણે તા. ૧-૩-૧૭થી ૩-૩-૧૭ સુધી ત્રિ-દિવસીય ભવ્ય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ મંદિરથી પધારેલ શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ વ્યાસાસને બિરાજી પોતાની સુમધુર વાણીથી શ્રોતાજનોને 'સહજાનંદ ગુરું ભજે સદા...' વિષય વ્યાખ્યાન દ્વારા સત્સંગને લગતા ઉદાહરણો આપીને સમજ આપી હતી. ભુજ મંદિરથી અનેકવિધ સંતો પધારી સભાજનોને આશીર્વાદ આપ્યા હતા. આ સભાને બહેનોના મંદિરમાં ટી.વી. દ્વારા લાઈવ કરવામાં આવી હતી. દરરોજ સુખપર, નરનારાયણનગર તેમજ મદનપુરના યુવાનો-યુવતીઓ બહોળી સંખ્યામાં પધારી મંદિર પરિસરને શોભાવ્યું હતું. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ તેમજ વડીલો દ્વારા આ આયોજનને સફળ બનાવવામાં આવ્યું હતું. પધારેલ સૌ હરિભકતોએ આ સત્સંગ સભાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સભા વિરામબાદ પધારેલ સૌ હરિભકતોને ત્રણે દિવસ પ્રસાદરૂપી ભોજન લઈ છૂટા પડ્યા હતા. સભાસંચાલક પદે પુ. સ્વામી પરમહંસદાસજી રહી સભાજનોને ખૂબ રૂડા આશીર્વાદ આપી મીઠી ટકોર કરી હતી.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

★★★★★★★★★★★★★★★★★

## ચોથી સંત શિબિર

તા. ૨૨ થી ૨૪ માર્ચ દરમ્યાન ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદિ વડીલ સંતોના સાંનિધ્યમાં રામપર ગંગાજી મધ્યે ચોથી સંત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ભુજ મંદિરના નવયુવાન ૮૦ જેટલા સંતોએ ભાગ લીધો હતો.

શિબિરના પ્રથમ દિવસે સ્વામી પરમહંસદાસજીએ સંતોને આપણી પરંપરા મુજબ સંત જીવનની દિનચર્યામાં રાખવાની શુધ્ધિ તેમજ ઠાકોરજીનાં થાળ બનાવતી વખતે ઠાકોરજીનો અપરાધ ન થાય તે માટે નાના સંતોને આપણી પરંપરા મુજબ ક્રિયા(રીત) તેનું માર્ગદર્શન આપ્યું હતું.

તદ્‌ઉપરાંત સંત જીવનને સફળ બનાવવામાં અતિ મહત્ત્વની બાબત જે આહાર-વિહાર તેનાં વિશે કોઠારી પાર્ષદ કોઠારી ખીમજી ભગતે માહિતી આપી હતી. આ બાબતે

મોટા સંતોએ પોતાના જીવનમાં અનુભવોની વાત કરી નાના સંતોને મીઠી ટકોર કરી હતી.

શિબિરના ત્રીજા દિવસે સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ શ્રીઠાકોરજીની મંદિરમાં જે પૂજા કરવાની રીત તેની શાસ્ત્રમાં બતાવેલ નિયમો અનુસાર પૂજારીની રીત શિખવી હતી.

આ શિબિરમાં ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિરેથી સંતો પધારીને સંતોને પોતાના જીવનનાં અનુભવોની વાતો કરીને જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

શિબિરનાં અંતિમ દિવસે કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી પધારીને નાના સંતોને આશીર્વાદની સાથે સત્સંગની દિવ્યતા ટકાવી રાખવાની મીઠી ટકોર પણ કરી હતી. અને અંતમાં સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ સંતોને શાસ્ત્ર અભ્યાસની ભલામણની સાથે આશીર્વાદ આપ્યા હતા.

- શા. સ્વામી સુખનંદનદાસજી

★★★★★★★★★★★★★★★★★

## ૧૨૩મો વાર્ષિક પાટોત્સવ : નારણપર ની.વા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા અને મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર ની.વા.માં ૧૨૩માં પાટોત્સવ પ્રસંગે પ.ભ. સામજીભા નારણ કેરાઈ પુત્ર ભરત તથા રમેશ સહપરિવાર તરફથી તા. ૩૦ માર્ચ થી ૩ એપ્રિલ ૨૦૧૭ સુધી શ્રીમદ્ પુરુષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજોપચારથી શ્રીઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું.

સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી આદિ મંડળના નાના-મોટા સર્વે સંતોના માર્ગદર્શન હેઠળ આયોજન થયું હતું. કથાના ત્રીજા દિવસે ઠાકોરથાળી તથા ચોથા દિવસે રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પાંચમાં દિવસે શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો.

કથાના વક્તાપદે શા. સ્વામી શુકમુનિદાસજી, શા. સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતાં. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ યજમાન પરિવાર તથા સમસ્ત સત્સંગીઓને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કથાનું સભાસંચાલક પદ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

યજમાન પરિવાર તરફથી ભુજ મંદિર, ગુરુકુળો, ગાયો, યુવક મંડળ, બાલ મંડળને ભેટ આપવામાં આવી અને સમસ્ત ગ્રામજનોને ભોજનરૂપી પ્રસાદ પીરસવામાં આવ્યો હતો.

આ કાર્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિરની કમિટી, સાં.યો. બહેનો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાલ મંડળ, બાલિકા મંડળ, મહિલા મંડળનો સારો સહયોગ મળ્યો હતો. તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપર ની.વા.માં તા. ૯ એપ્રિલથી ૧૩ એપ્રિલ ૨૦૧૭ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાના યજમાનપદે પ.ભ. ભીમજીભાઈ રામજીભાઈ હાલાઈ, પ.ભ. કાનજીભાઈ રામજી હાલાઈ, પ.ભ. લાલજીભાઈ રામજી હાલાઈ સહપરિવાર તરફથી અ.નિ. માતુશ્રી માનબાઈની પુણ્યસ્મૃતિમાં કરવામાં આવ્યું હતું.

સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી તથા મંડળના નાના મોટા સર્વે સંતોના માર્ગદર્શન હેઠળ થયું હતું. વક્તાપદે સ્વામી દેવવિહારીદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજીએ સાથ આપ્યો હતો. સભા સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું.

આ પ્રસંગે ભુજ, અંજાર, માંડવીથી સંતો પધારીને યજમાન અને સર્વે સત્સંગીઓને આશીર્વચન કર્યા હતા. શ્રીઠાકોરજીને થાળ, ગાયોને ચારો, ગામજનોને ભોજનરૂપી પ્રસાદ પીરસવામાં આવ્યો હતો.

આ કાર્યમાં મંદિરની કમિટી, સાં.યો. બહેનો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ, બાલ મંડળ, બાલિકા મંડળ આદિ ગામજનોનો સહયોગ મળ્યો હતો.

- જાદવજી કેરાઈ

★★★★★★★★★★★★★★★★★★

## વિદાય સમારોહ : શ્રી સ્વામિનારાયણ નિવાસ, ભુજ

ભુજ શ્રી નરનારાયણદેવ સંચાલિત શ્રી દ્વિશતાબ્દી સ્વામિનારાયણ સ્મૃતિ મંદિર સંલગ્ન શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસ કે જેમાં વિવિધ વિષય જેવા કે આર્ટસ, કોમર્સ, ધો. ૧૧-૧૨ ડિપ્લોમાં, ડિગ્રી એન્જીનિયરીંગ, બી કોમ, બી.બી.એ. બી.સી.એ અને એમ.બી.બી.એસ. સહિતના કોલેજના કોર્ષથી ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ રહી વિદ્યાઅભ્યાસ સાથે સત્સંગ કરે છે.

તેમાં તા. ૫ માર્ચ ૨૦૧૭ને રવિવારના દિવસે 'ત્રિવિધ' પર્વનું આયોજન થયું હતું એ અંતર્ગત અભ્યાસ પૂર્ણ કરીને ધંધામાં અથવા ઉચ્ચ અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ 'સમાવર્તન સમારોહ' યોજાયો હતો. તે દિવસને યાદગાર બનાવવા માટે 'રમતોત્સવ' જેવી કે ક્રિકેટ, કબડ્ડી, ગોળાફેંક, લાંબીકુદ, પંજો લડાઈ, ટમેટો કિંગ, લોર્ડ ઓફ ધ રિંગ જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને તૃતીય કાર્યક્રમ સાંજે સંતોનું પ્રવચન, આશીર્વચન અને વિજેતા વિદ્યાર્થીઓને ભેટ રૂપે ટ્રોફી, મેડલ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં દિવસના ભાગમાં શનિવાર અને રવિવાર બપોર સુધી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. રવિવાર સાંજના કાર્યક્રમમાં ભુજ મંદિરેથી ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ્વામી સિધ્ધેશ્વરદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી અને સ્મૃતિમંદિર શ્રી સ્વામિનારાયણ નિવાસના ટ્રસ્ટીશ્રીઓ વિશેષરૂપે હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ ગુરુ પરંપરા અને સાથે 'સોળ સંસ્કારો' પૈકીના સમાવર્તન સંસ્કારની વાત કરી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થી ભવનના સંચાલક સ્વામી હરિવલ્લભદાસજીએ પોતાની હળવી રમુજી શૈલીમા આગળના ભણતર, ધંધામાં શ્રીજીને સાથે રાખવાની વાત કરી હતી.

તેમજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસના સહસંચાલક શા.સ્વામી જગતવિહારીદાસજીએ અંગ્રેજી, કચ્છી તેમજ વિવિધ ભાષામાં વિદ્યાર્થીના કૌશલ્યોની પ્રશંસા કરી અને આવા સુંદર સંસ્કારનું વહન અને સાથે 'લીડરશીપ અને ટીમવર્ક' પર ખાસ ભાર મૂક્યો હતો.

વિદ્યાર્થી નિવાસના જ અંતિમ વર્ષ ડીગ્રી એન્જીનીયરીંગના વિદ્યાર્થી જયદીપ ખેરે તેના ચાર વર્ષનો હોસ્ટેલ કાળનો અનુભવ અને સંતોની છાયા વિશે ટૂંકમાં વાત કરી હતી. ઈનામના હકદાર વિદ્યાર્થીઓને સંતોના હસ્તે મેડલ અપાયા. આ ઉપરાંત સંસ્થા સંચાલક પુરાણી સ્વામી લક્ષ્મીવલ્લભદાસજીની પ્રેરણાથી સમાવર્તિ વિદ્યાર્થીને ભેટરૂપે શ્રી નરનારાયણદેવની છબિ તથા ગ્રુપ ફોટો સ્મૃતિભેટ રૂપે અપાયા હતા.

અને સામા છેડે વિદ્યાર્થીઓએ પણ ગુરુદક્ષિણા પેઠે શ્રીઠાકોરજીના વાઘા તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી

નિવાસના વિદ્યાર્થીઓ માટે વોલીબોલ અને નેટ જેવા વિવિધ સાધનો ભેટ આપ્યા હતા.

અંતે જ્યારે જુદી જુદી બ્રાન્ચના ૧૮ જેટલા વિદ્યાર્થીઓ વિદાય લઈ રહ્યા હોય તેને સંસ્થાના ધો.૯ના વિદ્યાર્થી પાર્થ આહિર દ્વારા આભારવિધી વ્યક્ત કરાઈ હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્મૃતિ મંદિરના જ વિદ્યાર્થીજ નિરવ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

સંચાલક સંતોએ સાજ માટે પાઉંભાજી, પુરી-શાક અને આઈસ્ક્રીમની રસોઈ વિદ્યાર્થીઓને જમાડી ત્યારબાદ ૧ કલાક બધા વિદ્યાર્થીઓ રાસ રમ્યા હતા.

આમ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ રંગે, સંતોના સંગે અને ઉદાર ટ્રસ્ટીશ્રીના દાન અને વિદ્યાર્થી તથા સંતોની મહેનત અને શ્રીજીની કૃપાથી સફળ મંગળ રહ્યો હતો.

- વિદ્યાર્થી નિરવ પંડ્યા, સ્મૃતિ મંદિર

★★★★★★★★★★★★★★★★★

**પંચાહ્ન પારાયણ : રામપર**

તા. ૧૩ થી ૧૭ એપ્રિલ ૨૦૧૭ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર રામપર નવાવાસના બહેનોના મંદિરનો ૩૯ મો અને ભાઈઓના મંદિરના ૧૯ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ૫ દિવસની શ્રીહરિબળગીતા ગ્રંથની પારાયણ કરવામાં આવી હતી. યજમાન પદે વાલબાઈ વીરજી હીરાણી રહ્યા હતા. ગામના ભક્તોએ આર્થિક તથા કથા-વાર્તામાં હાજરી આપી સમયનો સહયોગ આપ્યો હતો. કથા વાંચન શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, પુ. સ્વામી દેવવિહારીદાસજી અને સ્વામી રામાનુજદાસજીએ કર્યું હતું.

કથા સત્ર બપોર પછી ૪ થી ૬ અને રાત્રે ૮ થી ૧૦ રાખવામાં આવ્યું હતું. ચોથા દિવસે ચૈત્ર વદ ૫ના બન્ને મંદિરના પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભુજ, માંડવી, અંજારથી સંતો પધાર્યા હતા. આ દિવસે મંડળી સાથે શોભાયાત્રા નીકળી હતી. અને ત્રણ ટાઈમ સર્વે ગામવાસી ભક્તોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ ભવ્ય આયોજન થયું હતું. અને ભુજ મંદિર દ્વારા પહેરામણી કરવામાં આવી હતી.

- મંત્રીશ્રી દેવરાજભાઈ કારા

★★★★★★★★★★★★★★★★★

**અર્ધશતાબ્દી મહોત્સવ : સેલારી**

સેલારી મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં (સુવર્ણ) અર્ધશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વક્તાશ્રીઓ શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શા. સ્વામી આનંદસ્વરૂપદાસજીએ સુમધુર સરળ શૈલીમાં શ્રીમદ્ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણનું રસપાન કરાવેલ. જ્યારે સભા સંચાલન શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું. સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજીએ સંગીતની સંગત આપી શ્રોતાગણને ડોલાવ્યા હતા. સ્વામી ઘનશ્યામસેવકદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ જહેમત ઉઠાવી હતી. ભુજ મંદિરેથી પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, વડીલ સંત સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ સ્વામી બાલકૃષ્ણદાસજીએ કથા પારાયણ પ્રસંગે પધારી પ્રસન્નતા વ્યક્ત કરતાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

૫૦ વર્ષ પૂર્ણ થતાં ૫૦ પોથીની પોથીયાત્રા ખૂબ મોટી સંખ્યામાં હરિભક્ત ભાઈ-બહેનો હર્ષભેર ઉમંગથી જોડાયા હતા. વાજતે ગાજતે ધામધૂમથી પોથીયાત્રા બહેનોના મંદિરના પટાંગણમાં સભામંડપમાં પહોંચી હતી.

કથા દરમ્યાન શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ, શ્રી સહજાનંદ પટ્ટાભિષેક આદિ પ્રસંગો ધબધબાભેર ઉજવાયા હતા. ભજન સંધ્યા, રાસોત્સવ જેવા રાત્રી કાર્યક્રમો પણ યોજાયા હતા. શ્રીઠાકોરજીની ભવ્ય નગરયાત્રા તેમજ

પાટોત્સવના દિવસે પંચામૃત અભિષેક, અન્નકૂટ, આરતી યોજવામાં આવ્યા હતા. સાં.યો. બહેનોના માર્ગદર્શન હેઠળ યુવતી મંડળની બહેનોએ કામગીરી સંભાળી હતી. ઉત્સવની સંપૂર્ણ જવાબદારી મુંબઈવાસી પ.ભ. જશાભાઈ રાવરીયા તથા મહાદેવાભાઈ બારવાડીયા આદિએ સ્વીકારી હતી. ભોજનપ્રસાદ અને શેરડી રસથી હરિભક્તો તૃપ્ત થયા હતા.

- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★★★

## ભેડિયા બેટ ખાતે હનુમાન મંદિર નિર્માણ

૧૯૭૧ના યુધ્ધ બાદ સરહદ પારની પાકિસ્તાનની જતતલાઈ ચોકી બહાર સ્થિત હનુમાનજીના પૌરાણિક મંદિરની મૂર્તિને ભારતીય જવાનો લાવ્યા અને નાની દેરી સ્વરૂપે સ્થાપિત કરી ધાર્મિક સ્થાનનું નિર્માણ ભેડિયા બેટ ખાતે કરવામાં આવ્યું. સીમા દળના જવાનો નિષ્ઠા સાથે અહીં હનુમાનજીનું પૂજન-અર્ચન કરે છે. તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા મહારાજ પ.પૂ. ધ.ધૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજીએ ભુજ મંદિરના સંતો, ટ્રસ્ટીઓ અને હરિભક્તો સાથે આ પવિત્ર ધામની મુલાકાત લીધી હતી. મૂર્તિની પ્રતિભા અને જવાનો તેમજ સ્થાનિક ભક્તોની ધાર્મિક લાગણીથી અભિભૂત થઈ આ સ્થળે વિશાળ મંદિર સ્થાપવાનો વિચાર તેઓએ પ્રસ્તુત કર્યો. મોટા મહારાજના આ સંકલ્પને ફળીભૂત કરવા પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ભેડિયા બેટ ખાતે હનુમાનજીના મંદિરનું નિર્માણ કરવાની કાર્યવાહી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા કરવામાં આવશે. આ સ્થળે ભવ્ય મંદિરની સાથે યાત્રાળુઓ માટે સુવિધાસભર વિશ્રાંતિ ખંડ તેમજ અન્ય આવશ્યક તમામ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ સંદર્ભે સીમા દળના કચ્છના વડા ડી.આઈ.જી. શ્રી આઈ. કે. મહેતા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી વિચાર વિનિમય કરી પૂ. મહંત સ્વામીએ પ્રસ્તાવિત સંકુલ નિર્માણની હૈયા ધારણ આપી હતી. કો. સ્વામી સત્યપ્રસાદદાસજી, પી.પી. સ્વામી, મંદિરના કોઠારી પ.ભ. રામજીભાઈ દેવજી વેકરીયા આદિ આ મુલાકાતમાં જોડાયા હતા.

★★★★★★★★★★★★★★★★★★★★★★

## વાર્ષિક પાટોત્સવ, પલાંસવા

શ્રી સ્વામિનારાયણ મંદિર, પલાંસવામાં મહાવદ-૫ બુધવાર તા. ૧૫-૨-૨૦૧૭ ના સવારમાં ઠાકોરજીનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતમંડળની પ્રેરણાથી ગામ બળદીયા હાલે નાઈરોબી વસતા નારણભાઈ મનજી કેરાઈ તથા સુત કાન્તીભાઈ નારણ કેરાઈ આદિ પરિવાર તરફથી ઉજવણી કરવામાં આવી હતી. પલાંસવાના ભાઈઓ તથા બહેનો હરિભક્તોએ સત્સંગનો ખૂબ લાભ લીધો હતો. પાટોત્સવના યજમાનશ્રીઓને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. બપોરના પધારેલ સૌ હરિભક્તોએ ભોજનપ્રસાદ લીધો હતો. રસોડાની તમામ સેવા રાપરના સત્સંગી હરિભક્તોએ લીધી હતી.

- મોતીભાઈ ભરવાડ

★★★★★★★★★★★★★★★★★★★★★★

## શાકોત્સવ : મુન્દ્રા

શ્રી સ્વામિનારાયણ મંદિર, મુન્દ્રા મધ્યે ફાગણ સુદ-૮ રવિવારના ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો દ્વારા શાકોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ શાકોત્સવના યજમાનપદે ગામ ભારાસરના રામજીભાઈ કાનજી હીરાણી, વેલજીભાઈ કાનજી હીરાણી, ખીમજીભાઈ કાનજી હીરાણી તથા દેવશીભાઈ પરબત હીરાણી આદિ પરિવાર રહ્યા રહ્યા હતા. સંતો,

સાંખ્યયોગી બહેનો તેમજ બહોળી સંખ્યામાં હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. રસોડામાં ભોજનપ્રસાદની સેવા કેરાના હરિભક્તોએ કરેલ હતી. આ પ્રસંગે યજમાનશ્રીઓને સંતો દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. આવા પ્રસંગો દ્વારા હરિભક્તોને કથાવાર્તા, સંતસમાગમ, ભજન-ભક્તિનો લાભ હંમેશાં મળતો રહે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★

## ફુલડોલ ઉત્સવ : નારણપર ની.વા.

શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપર ની.વા. મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા તા. ૧૩-૩-૨૦૧૭ ના રોજ શ્રી નરનારાયણદેવ જયંતી એવમ્ ફુલડોલોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિરેથી ૪ વાગે શ્રી નરનારાયણદેવની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અલગ અલગ જગ્યા ઉપર શ્રીઠાકોરજીને થાળ અને પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મંદિરમાં ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાપદે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી બિરાજી શ્રીનરનારાયણદેવનો મહિમા વર્ણવ્યો હતો. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મશરણદાસજીએ પધારી આશીર્વાદ આપ્યા હતા. શ્રીનરનારાયણદેવને હિંડોળામાં ઝુલાવી સંતો દ્વારા પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી.

આરતી, ધૂન બાદ સાંખ્યયોગી બહેનો દ્વારા પણ પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. ત્યારબાદ દરેક ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવેલ અને આ કાર્યમાં મંદિરની કમિટી, સાં.યો. બહેનો, યુવતી મંડળ આદિ સમસ્ત ગ્રામજનોનો સહયોગ મળ્યો હતો.

- ભુપેન્દ્ર ભંડેરી

★★★★★★★★★★★★★★★★★★★★★★

## કથા પારાયણ : રામ મંદિર સણવા

રાપર તાલુકાના વાગડ વિસ્તારમાં રણના કિનારે આવેલું સણવા ગામમાં રામ મંદિરનો સાતમો પાટોત્સવ ભુજ મંદિરના સંતો દ્વારા તા. ૪-૪-૨૦૧૭ થી તા. ૬-૪-૨૦૧૭ ત્રિદિવસીય રામ ચરિતમાનસ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

કથાના વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, સ્વામી રામાનુજદાસજી વ્યાસાસને બિરાજી સંગીતના સૂરની સાથે કથામૃત રસપાન કરાવ્યું હતું. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી રહ્યા હતા.

કથાનું સત્ર સવારે ૯ થી ૧૨ અને બપોર પછી ૩ થી ૬ રાખવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પોથીયાત્રા વાજતે-ગાજતે સભામંડપમાં વિરામ થયા બાદ સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી અને પૂ. સ.ગુ. પુ. સ્વામી હરિબળદાસજીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કથાની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

યજમાનપદ સુરજપર સત્સંગ મંડળ હસ્તે કાનજીભાઈ રવજી કેરાઈ, સુરજપર હાલે કાર્ડિફ પરિવાર રહી લાભ લીધો હતો. તા. ૪ ના સાંજે ૮ વાગે રાપર ગુરુકુળના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા. ૫ ના બપોરે ૧૨ વાગે કથાબાદ રામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ ઉત્સવમાં સુરજપરના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો પણ લાભ લીધો હતો. સાંજે ૮ વાગે ભવ્યાતિભવ્ય મહારાસોત્સવ અને રાત્રે ૯:૩૦ થી શ્રી ઘનશ્યામ જન્મોત્સવની કથા પુરાણી સ્વામી નીતમમુનિદાસજી કરી હતી. રાત્રે ૧૦ વાગે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

તા. ૬ ના સવારે મહંત સ્વામીની આજ્ઞાથી

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી,સ.ગુ. સ્વામી સ્વંયપ્રકાશદાસજી, પાર્ષદ માવજી ભગત, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિકસંતો ઉપસ્થિત રહ્યા હતા.

કથાના અંતે સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સાંજે ૮ વાગે સેલારીના સાંખ્યયોગી બહેનો દ્વારા મહિલા મંચ રાખવામાં આવ્યો હતો.

- સ્વામી રામાનુજદાસજી

★★★★★★★★★★★★★★★★★

## ચૈત્ર સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

● પ.ભ. કાનજીભાઈ કરસનભાઈ રૂપાલીયા સહપરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, મદનપુર ● પ.ભ. અ.નિ. દેવરાજભાઈ કુંવરજી હાલારીયા હ. ગં.સ્વ. ધ.પ. ધનબાઈ દેવરાજ હ. હરીશભાઈ કાનજી પિંડોરીયા(માનકુવા) સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, કેરા ● પ.ભ. વિજયભાઈ હરજી હાલાઈ, દહીંસરા ● પ.ભ. કાન્તાબેન નાનજી પિંડોરીયા, નારણપર ● સાં.યો. કેશરફઈ ગોપાલ હિરાણી હ. જગદીશભાઈ, માનકુવા ● પ.ભ. હરિ ગંગાબેન હ. ગિરધરભાઈ, બાગલકોટ ● પ.ભ. નિકેશભાઈ વિનોદ મેપાણી, જયનેશ વિનોદ મેપાણી, શિલ્પાબેન રાજેશ વેકરીયા, સુરજપર ● પ.ભ. નારણભાઈ મનજી હાલાઈ, ગોડપર ● પ.ભ. એક હરિભક્ત તરફથી હ. સ્વામી કેશવપ્રસાદદાસજી, ભુજ ● પ.ભ. કુંવરબેન રવજી ભંડેરી, વેકરા ● પ.ભ. માનબાઈ કરસન ભંડેરી, ગોડપર ● પ.ભ. જયંતિલાલ કેશરા ભુડીયા, ફોટડી ● પ.ભ. સર્વેશભાઈ અરવિંદ ભુડીયા, માનકુવા ● પ.ભ. જયંતીભાઈ હરજી વરસાણી, સામત્રા ● પ.ભ. દેવેન્દ્રભાઈ વિશ્રામ વેકરીયા, સુરજપર હાલે લંડન ● યાત્રા સંઘ સાં.યો. બહેનો તરફથી, રામપર નવાવાસ ● સાં.યો. નીતાબેનની પ્રેરણાથી વનિતાબેન પ્રેમજીભાઈ, નૈરોબી ● પ.ભ. જયેશભાઈ લાલજી વેકરીયા, કેરા ● પ.ભ. અમૃતબેન નારણ હીરાણી, મેઘપર ● પ.ભ. રતનબેન હિતેન્દ્ર હીરાણી, મેઘપર ● પ.ભ. રમેશભાઈ વીરજી હીરાણી, હરિના જન્મદિવસ પ્રસંગે, માધાપર ● પ.ભ. કિશોરભાઈ શીવજી હીરાણી, માંડવી ● પ.ભ. પ્રેમબાઈ હરજી હીરાણી, હ. સ્વામી મુનિશ્વરદાસજી, માનકુવા ● પ.ભ. ધનજીભાઈ રતિલાલ રાબડીયા, હ. સ્વામી દેવસ્વરૂપદાસજી, નાગલપર ● પ.ભ. રાજેશભાઈ પરબત ખેતાણી, ફોટડી ● પ.ભ. દયાબેન રાજેશ ખેતાણી, ફોટડી ● પ.ભ. પ્રિન્સભાઈ વિવેક હાલાઈ, મોટા આસંબીયા ● પ.ભ. નિલકુમાર કમલેશભાઈ ઠક્કર, હ. સાં.યો. નીતાબેન, મુંબઈ ● સાં.યો. દેવબાઈ પ્રેમજી વેકરીયા, નારણપર ● પ.ભ. ઉર્મિલાબેન કેતન લીંબાણી, દહીંસરા ● પ.ભ. અમૃતબેન લાલજી હાલાઈ, મેઘપર ● પ.ભ. હીરજીભાઈ શીવજી ગોરસીયા, મદનપુર ● પ.ભ. પ્રેમબાઈ કરસન વેકરીયા હ. સ્વામી મુનિશ્વરદાસજી, નારણપર ઉ.વા. ● સાં.યો. હેતલબેન હ. સાં.યો. સામબાઈ ફઈ, ભીમાસર ● મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી અંકિતાબેન રમેશ વેકરીયા, માધાપર ● પ.ભ. દિનેશભાઈ કાનજી ધનજી વરસાણી, સામત્રા ● પ.ભ. ભાવિનાબેન હીરજી પટેલ, દહીંસરા હાલે બોલ્ટન ● પ.ભ. મેઘબાઈ નારણ કરસન તેજા વેકરીયા, બળદીયા હાલે બોલ્ટન ● પ.ભ. હનીશભાઈ રવજી કેરાઈ હ. સ્વામી ભક્તિપ્રસાદદાસજી, કુંદનપર ● પ.ભ. વિશ્વેશભાઈ દર્શનભાઈ મહેતા, અમદાવાદ ● પ.ભ. શિરાગભાઈ દર્શનભાઈ મહેતા, અમદાવાદ ● પ.ભ. ધનબાઈ હીરજી રાબડીયા, સરલી ● પ.ભ. પુરુષોત્તમભાઈ માવજી હીરાણી, કોડકી ● પ.ભ. મનસુખભાઈ લાલજી વેકરીયા, સુખપર ● પ.ભ. મહેન્દ્રભાઈ કલ્યાણ હીરાણી, હ. કલ્યાણ રામજી, રામપર ● પ.ભ. રાધાબાઈ લાલજી સેંઘાણી, નારણપર ● પ.ભ. અરવિંદભાઈ કુંવરજી રાબડીયા, વાડાસર ● પ.ભ. કાન્તાબેન રાજેશ સેંઘાણી હ. સ્વામી

મુનિશ્વરદાસજી, નારણપર ઉ.વા. ● પ.ભ. શામબાઈ હીરજી રામજી હાલાઈ, ગોધરા ● પ.ભ. જલારામ સો મીલ, પ્રવિણભાઈ હંસરાજ ભગત, મોગતન રણુ-પાદરા ● પ.ભ. સવિતાબેન રવજી વરસાણી, મદનપુર ● પ.ભ. જશુબેન કાન્તિલાલ વેકરીયા, રામપર ● પ.ભ. અ.નિ. વાલબાઈ ગાંગજી ખીમાણી, નારણપર ● પ.ભ. અશ્વિનભાઈ કરસનભાઈ હાલાઈ, ભારાપર-માંડવી ● પ.ભ. મનસુખભાઈ મુરજી રાબડીયા, વાડાસર ● પ.ભ. મુકેશભાઈ તથા ગીતાબેન જેસાણી, બળદીયા હાલે મેલબોર્ન ● પ.ભ. ભુપેન્દ્રભાઈ ગોવિંદ ગોરસીયા, માધાપર ● પ.ભ. શીતલબેન મનજી શીવજી કેરાઈ, કોડકી હાલે યુ.કે. ● પ.ભ. શિવાનીબેન દિનેશ ભુડીયા, વેકરા ● પ.ભ. કાનજીભાઈ હરજી વરસાણી, સામત્રા ● પ.ભ. મનજીભાઈ હરજી સેંઘાણી, નારણપર ● પ.ભ. રામજીભાઈ દેવરાજ ગોરસીયા, ભક્તિનગર ● પ.ભ. પ્રેમબાઈ જાદવા કેરાઈ, નારણપર ● પ.ભ. વિનોદભાઈ નાનજી હીરાણી, ફોટડી ● પ.ભ. લખીબેન શામજી હીરાણી, કોડકી ● પ.ભ. જયેશભાઈ સામજી હીરાણી, કોડકી ● પ.ભ. કાનબાઈ કાનજી ભુડીયા, સુખપર ● પ.ભ. નિકુંજભાઈ નીલ ધનજી કાનજી, ભુજ ● પ.ભ. અરવિંદભાઈ ગોવિંદભાઈ ભુવા, સુખપર ● પ.ભ. મનજીભાઈ કરસન હીરાણી, હ. સ્વામી મુનિશ્વરદાસજી ● પ.ભ. વિનોદભાઈ ગોપાલ વરસાણી, મીરજાપર ● પ.ભ. મુરજીભાઈ કરસન હીરાણી, હ. ગોપાલભાઈ વૈદ્ય હ. સ્વામી મુનિશ્વરદાસજી, બળદીયા ● પ.ભ. મેહુલભાઈ જાદવજી વીરજી રાબડીયા, માંડવી ● પ.ભ. નાકર મણીશંકર મોતા, ગુંદીયાળી ● પ.ભ. પિયુષભાઈ ધનજી વેકરીયા, નારણપર ● પ.ભ. ઈશીતાબેન દિપક હીરાણી, મીરજાપર ● પ.ભ. રાજેશભાઈ મનજી રાબડીયા, મીરજાપર ● પ.ભ. પદમભાઈ ધર્મેન્દ્રભાઈ જેસાણી, બળદીયા ● પ.ભ. પ્રવિણભાઈ રામજી ભુડીયા, માધાપર ● પ.ભ. મનિષભાઈ અરવિંદભાઈ પટેલ, ભાદરણ ● પ.ભ. નૈતિકભાઈ પ્રેમજી વેલાણી, માનકુવા ● પ.ભ. અ.નિ. ધનજીભાઈ માવજી વેકરીયા, પ્રેમબાઈ ધનજી વેકરીયા, સુખપર ● પ.ભ. લાલજીભાઈ વેલજી ગોરસીયા, તુલસી પ્રવિણ ગોરસીયા, કેશરબેન વેલજી ગોરસીયા, નિમુબેન કેતન ગોરસીયા, સુખપર ● પ.ભ. મહેશભાઈ કાનજી કાબરીયા, ગોડપર ● પ.ભ. અંકિતભાઈ કાનજી કાબરીયા, ગોડપર ● પ.ભ. સંદિપભાઈ કે. મકવાણા, ભુજ ● પ.ભ. નાનજીભાઈ લાલજી વરસાણી, સામત્રા ● પ.ભ. દિપીકાબેન કાનજી ગોવિંદ કેરાઈ,સુખપર ● પ.ભ. પુષ્પાબેન શામજી ભંડેરી, ભારાપર માંડવી ● પ.ભ. રીતેશભાઈ સુરેશભાઈ કેરાઈ, કેરા ● પ.ભ. ગં.સ્વ. રતનબેન દેવશી શીવજી ભુડીયા, હ. સાં.યો. નાનબાઈ રામજી ભુડીયા, માનકુવા ● પ.ભ. અ.નિ. કરસનભાઈ નારણ શીયાણી ધ.પ. રતનબાઈ કરસન, વેકરા ● પ.ભ. કલ્યાણભાઈ કેશરા વાઘજીયાણી, કેશવ, ક્રિશ, દેવ્યાની, નારણપર ● પ.ભ. નીતાબેન મનોજ ધનજી હીરાણી, બળદીયા ● પ.ભ. લાલબાઈ ધનજી જેઠા કેરાઈ સહપરિવાર, સુખપર ● પ.ભ. મનસુખભાઈ ગોવિંદ કારા, રામપર હાલે નૈરોબી ● પ.ભ. પુષ્પાબેન પ્રેમજી ભુડીયા, સુખપર રોહા ● પ.ભ. લક્ષ્મણભાઈ કન્સ્ટ્રકશન હ. કરસનભાઈ કાનજી રાઘવાણી, અમદાવાદ ● પ.ભ. દિનેશભાઈ કલ્યાણ ભુડીયા, માનકુવા ● પ.ભ. જયંતિલાલ હરજી રાબડીયા, સરલી ● પ.ભ. મુકેશભાઈ ધનજી હાલાઈ, સુરજપર ● પ.ભ. સવિતાબેન મુકેશ હાલાઈ, સુરજપર ● પ.ભ. શિવાનીબેન મુકેશ હાલાઈ, સુરજપર ● પ.ભ. પ્રિતીકાબેન ઘનશ્યામ હાલાઈ, સુરજપર ● પ.ભ. મુકેશભાઈ માવજીભાઈ વેકરીયા, બળદીયા ● પ.ભ. ગોવિંદભાઈ ભીમજી કેરાઈ, સુખપર ● પ.ભ. અ.નિ. રવજીભાઈ માવજી વરસાણી, હ. જશુબેન રવજી, મીરજાપર ● પ.ભ. કુશભાઈ મુકેશ દેવજી મેઘાણી, માધાપર ● પ.ભ. કરસનભાઈ કાનજી રાબડીયા, સરલી ●

પ.ભ. વાધજીભાઈ વાલજી પટેલ, સુપુત્ર ધનસુખ તથા પ્રવિણ, સુખપર • પ.ભ. મનજીભાઈ હરજી રાબડીયા, સરલી • પ.ભ. પુરબાઈ મેઘજી મનજી રાબડીયા, સરલી • પ.ભ. નારણભાઈ વાલજી પિંડોરીયા, સામત્રા • પ.ભ. રવજીભાઈ રામજી કારા, દહીંસરા • પ.ભ. શ્રીજી પ્રસન્નતાર્થે, માધાપર • પ.ભ. પ્રવિણભાઈ કુરજી રાબડીયા, સરલી • પ.ભ. મંજુબેન મનજી ખેતાણી હ. સાં.યો. અમરબાઈ, મદનપુર • પ.ભ. જીજ્ઞેશભાઈ જાદવજી વેકરીયા, બળદીયા હાલે નૈરોબી • પ.ભ. જનકભાઈ હિતેશ હીરાણી, માનકુવા • પ.ભ. ભરતભાઈ મનજી રાવડીયા(પટેલ), છાડવારા ભચાઉ • પ.ભ. ગોપાલભાઈ કાનજી ખેતાણી ધ.પ. કાન્તાબેન, સુખપર હાલે લંડન • પ.ભ. દિનેશભાઈ ગોપાલ ખેતાણી ધ.પ. કાન્તાબેન, સુખપર હાલે ભુજ • પ.ભ. ક્રિયેનભાઈ પ્રિતેશ ખેતાણી, કોડકી • પ.ભ. અ.નિ. હંસાબેન નારણ તથા અ.નિ. મેઘબાઈ કાનજી, સુખપર • પ.ભ. કિશોરભાઈ કાનજી વાગજીયાણી, હ. સાં.યો. સામબાઈ, કેરા • પ.ભ. હરજીભાઈ કરસન કાનજી રાબડીયા સહપરિવાર, સરલી • પ.ભ. મનજીભાઈ કાનજી મેપાણી, સુરજપર • પ.ભ. રામબાઈ દેવશી રામજી સહપરિવાર, સુરજપર • સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી હ. જયંતિભાઈ રૂડાભાઈ બરારીયા, માધાપર • પ.ભ. મંજુલાબેન નીરજ કેરાઈ, સુખપર-રોહા • પ.ભ. રાજેશભાઈ વાલજી વેકરીયા, નારણપર • પ.ભ. વિદાતભાઈ સંજય હાલાઈ, કેરા • પ.ભ. ગોપાલભાઈ વાલજી શીયાણી, સુખપર • પ.ભ. ધનબાઈ મુરજી વેકરીયા, નારણપર • પ.ભ. એક હરિભક્ત તરફથી હ. સ્વામી કેશવપ્રસાસદાસજી, ભુજ • પ.ભ. માનસીબેન સંજય વરસાણી, ભુજ • પ.ભ. પુષ્પાબેન ભરતભાઈ હીરાણી, સુખપર • પ.ભ. ચતુરભાઈ મનજી ચૌહાણ, ભુજ • પ.ભ. નરેન્દ્રભાઈ દેવજી વેકરીયા, માધાપર • પ.ભ. અરવિંદભાઈ વાલજી વરસાણી, કેરા • સાં.યો. નાનબાઈ પ્રેમજી હીરાણી, સુખપર • પ.ભ. રાજેશભાઈ ખેંગારઠક્કર, ભુજ • પ.ભ. અંશભાઈ અલ્પેશ વરસાણી, ભારાસર • પ.ભ. રિધ્ધિબેન પ્રેમજી રાઘવાણી, બળદીયા ની.વા. • પ.ભ. વાઘજીભાઈ કરસન પિંડોરીયા, નારણપર ઉ.વા. • પ.ભ. પ્રશાંતભાઈ લક્ષ્મણ પિંડોરીયા, દહીંસરા • પ.ભ. દિનેશભાઈ રવજી વેકરીયા, બળદીયા • પ.ભ. અરવિંદભાઈ રવજી વેકરીયા, બળદીયા • પ.ભ. અરવિંદભાઈ લાલજી શીયાણી હ. સાં.યો. નીતાબેન, માંડવી • પ.ભ. સહજભાઈ અંકિત ગોર, હ. આશાબેન, ભુજ • પ.ભ. વિનોદભાઈ વેલજી સેંઘાણી, નારણપર • પ.ભ. ધનજીભાઈ હરજી હાલાઈ ધ.પ. કેશરબાઈ, નારણપર ની.વા. • પ.ભ. મુરજીભાઈ શીવજી પિંડોરીયા, વેકરા • પ.ભ. અ.નિ. માવજીભાઈ મુરજી ભુડીયા, નારણપર ઉ.વા. • પ.ભ. નીતાબેન અશ્વિનભાઈ પિંડોરીયા, હ. અમરબાઈ, નારણપર ઉ.વા. • પ.ભ. અ.નિ. ખીમજીભાઈ ગાંગજી વેકરીયા, રામપર • પ.ભ. અ.નિ. ધનબાઈ ખીમજી વેકરીયા, રામપર • પ.ભ. પુરબાઈ રામજી વેકરીયા, માંડવી • પ.ભ. રતનબેન દેવશી મેપાણી, નારણપર • પ.ભ. વિનોદભાઈ વેલજી શિયાણી, નારણપર • પ.ભ. હરીશભાઈ રામજી કેરાઈ, માનકુવા • પ.ભ. નેત્રમ્ પરિવાર હ. કિરણભાઈ ચંદ્રકાન્ત ગોર, ભુજ • પ.ભ. ગોપાલભાઈ કલ્યાણ હીરાણી, મેઘપર

## નૂતન મંદિર ખાંત મુહૂર્ત-સરલી

સરલી ગામમાં તા. ૧૮/૪/૨૦૧૭ના રોજ પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા ગામ તથા ૨૪ ગામના હરિભક્તોના સાન્નિધ્યમાં ભાઈઓના નૂતન મંદિરનું ખાંતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામ સરલીના હાલ લંડન વુલ્વિચના પ.ભ. કુંવરજીભાઈ કરસન રાબડીયા, ધ.પ. તેજબાઈ સુપુત્રો હિરજીભાઈ, સામજીભાઈ તથા કાન્તિભાઈ આદિ પરિવારે ઉંચો આંક આપી યજમાન બન્યા હતા અને પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો સાથે વૈદિક મંત્રોચ્ચાર સાથે ખાંત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પૂ. મહંત સ્વામીએ નૂતન મંદિરના બાંધકામમાં નાની-મોટી સેવા કરનાર દાતશ્રીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ – ધર્મેન્દ્રભાઈ-સરલી



# સત્સંગ સમાચાર વિદેશ

### શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર : બોલ્ટન

બોલ્ટન મંદિરમાં તા. ૪-૩-૨૦૧૭ના રોજ યોજાયેલ જાહેરસભામાં ખજાનચીશ્રીએ ગત વર્ષના હિસાબો રજૂ કરેલા જે સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ. ત્યારબાદ નવી કાર્યવાહક કમિટી નિમવા માટેની કાર્યવાહીમાં ચર્ચાને અંતે સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવેલ કે હાલ છે તે જ કમીટી સભ્યો અને ટ્રસ્ટીઓ ચાલુ રાખવા.

ભુજ મંદિરથી પધારેલ સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંતોએ બોલ્ટનમાં એક અઠવાડિયું રોકાઈ હરિભક્તોને દર્શનનો અને કથાશ્રવણનો લાભ આપી ધન્ય કર્યા હતા. તેમજ તા. ૧૧-૩-૧૭ના રોજ શાકોત્સવ યોજવામાં આવેલ જેની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. હરિભક્તોએ પવિત્ર પ્રસાદ લીધો હતો.

તા. ૫-૪-૧૭ના રોજ પરંપરાગત રીતે ખૂબ જ ધામધૂમથી શ્રી રામનવમી - શ્રી સ્વામિનારાયણ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ગામ કુન્દનપરના પ.ભ. મનજીભાઈ ગાંગજી હાલાઈ સહપરિવારે ઊંચો આંક આપી આરતી ઉતારવાનો અલભ્ય લાભ લઈ શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ યોજાયેલ રાસોત્સવમાં રાસ રમીને હરિભક્તો છૂટા પડ્યા હતા.

- પ્રમુખ : મનજી ગાંગજી હાલાઈ

- મંત્રી : વાલજી ગાંગજી હાલાઈ

★★★★★★★★★★★★★★★★★★★

### શ્રી સ્વામિનારાયણ મંદિર : ઓલ્ડહામ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામની વાર્ષિકસભા શનિવાર તા. ૧૪-૧-૨૦૧૭ના સાંજે બોલાવવામાં આવી હતી. જેમાં વાર્ષિક આવક-જાવકનો હિસાબ વાંચી સંભળાવેલ હતો. અને નવી કાર્યવાહક કમિટીની ચૂંટણી નીચે પ્રમાણે કરવામાં આવેલ.

પ્રમુખ : હિતેશ પરબત ભુડીયા - કેરા, ઉપપ્રમુખ : ભીમજી કલ્યાણ વેકરીયા - બળદીયા, મંત્રી : હરજી કલ્યાણ વેકરીયા - બળદીયા, ઉપમંત્રી : સુરેશ પ્રેમજી ગોરસીયા - નારણપર, ખજાનચી : જીતેન્દ્ર ભીમજી કારા - દહીસરા, ઉપખજાનચી : અનિલ ધનજી કારા - દહીસરા, કોઠારી : શીવજી કરસન કેરાઈ - નારણપર, ઉપકોઠારી : કાનજી લાલજી હીરાણી - બળદીયા, સભ્યો : વાલજી રામજી વેકરીયા - બળદીયા, વિનોદ પરબત વેકરીયા - નારણપર, પોપટ પરબત ભુડીયા - કેરા, પરેશ હિતેશ ભુડીયા - કેરા, દિનેશ માધવજી ભુડીયા - નારણપર.

- મંત્રીશ્રી હરજી કલ્યાણ વેકરીયા

★★★★★★★★★★★★★★★★★★★

### આફ્રિકાના કોંગો દેશમાં સંતોનું આગમન

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી અમારા કોંગો દેશની રાજધાની કિંશાસા શહેરમાં ભારત દેશથી ભુજ મંદિરના સંતોની સૌ પ્રથમવાર પધરામણી થઈ હતી. પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, શા. સ્વામી

કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા સ્વામી સંતજીવનદાસજી આ ચાર સંતોનું મંડળ તા. ૫-૪-૨૦૧૭ના પરમપવિત્ર રામનવમીના શુભ દિને કોંગો દેશમાં આગમન થયું. રાત્રે ધામધુમથી શ્રીહરિનો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો. સૌને પંચાજીરીના પ્રસાદનું વિતરણ કરાયું. સંતોના સાંનિધ્યથી ઉત્સવમાં અનેરો આનંદ થયો. અહિં કિંશાસા શહેરમાં અમે ૬૦ થી ૭૦ જેટલા યુવાનો શ્રીજી મહારાજની કૃપાથી કામકાજ કરીએ છીએ. અને સાથે મળી સત્સંગ પણ કરીએ છીએ. સંતોના સાત દિવસના રોકાણ દરમ્યાન દરરોજ સાંજે અહિંના હિંદુ મંદિરમાં કથા-વાર્તાનું આયોજન થતું.

દરરોજ સંતોની અમૃતવાણીનો લાભ મળતો. તા. ૭-૪-૨૦૧૭ના ચૈત્ર સુદ એકાદશીની વિશાળ સભામાં સંતોએ મહંત સ્વામીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ યુવક મંડળની સ્થાપના કરી. સંચાલક તરીકે નારણભાઈ શીવજી હીરાણીને નિયુક્ત કર્યા. વડીલ માટે પ.ભ. ધનસુખભાઈ ગોવિંદ વેકરીયા તથા પ.ભ. વાલજીભાઈને નિયુક્ત કર્યા છે. તા. ૯ના રોજ સવારથી સાંજ સુધી રીવર કોંગોના ટાપુમાં નદી વચ્ચે શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો હતો. રીવર કોંગોમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક બધા જ સંતો ભક્તો સાથે મળીને કર્યો અને રીવર કોંગોને પવિત્ર કરી હતી. આ શિબિરના યજમાન પ.ભ. ધનસુખભાઈ ગોવિંદ વેકરીયા રહ્યા હતા. તા. ૧૦ના રાત્રે વિશેષ સભાનું આયોજન પ.ભ, વાલજીભાઈ હીરજીભાઈ કેરાઈને ઘરે હતું. ભોજન પ્રસાદના યજમાન વાલજીભાઈ રહ્યા હતા. આજની સભા સંતોના વિદાયની હતી.

વિદાય આપતી વેળાએ બધાયના નેત્રો આંસુથી ભરાઈ ગયા હતા. બધા ભક્તોની એક જ પ્રાર્થના હતી કે સંતો ! ફરીવાર વહેલા સર અમારી સંભાળ લેવા પધારે. તા. ૧૧ના બપોરે સંતો કોંગો કિંશાસાથી પ્લેન દ્વારા કેન્યા જવા માટે રવાના થયા હતા. સંતોને ભારતથી કોંગો સુધી આવા જવાનું તમામ ખર્ચ બન્ને ભક્તો ધનસુખભાઈ તથા વાલજીભાઈ કર્યો હતો અને સંતોના દર્શનનો લાભ અપાવ્યો હતો.

- નારણભાઈ શીવજી હીરાણી


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



ભુજ નિત્યદર્શનમ્ દ્વારા

હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને



+91 73592 50231

ઉપર અરજી મોકલો

આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.

# "ભક્ત હનુમાન"




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ, ચૈત્ર સુદ નવમીનો દિવસ એટલે ? ભગવાન શ્રીરામચંદ્ર અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ દિવસ અને ચૈત્ર સુદ પુનમ હનુમાનજીનો જન્મ દિવસ. મિત્રો, આજે આપણે હનુમાનજીના જન્મની કથા સાંભળીશું..

એક દિવસ કપિરાજ કેસરીની પત્ની ગૌતમ કન્યા અંજની માનવ રૂપ ધરી સુમેરુ પર્વત ઉપર ફરી રહ્યા હતા. મંદ મંદ વાયુ વાતો હતો. વાયુદેવની એક ઝાપટ અંજનીના વસ્ત્રને લાગી અને વસ્ત્ર ઉડવા લાગ્યા. અંજની દેવી ક્રોધે ભરાયા અને કહ્યું કોણ છે? જે મારા પતિવ્રતનો ભંગ કરવા ઇચ્છે છે? હમણાં જ શાપ આપી ભસ્મ કરી નાખીશ.

ત્યાં પવનદેવનો અવાજ આવ્યો. તે કહ્યુ, હે દેવી! મે તમારા વ્રતને ભંગ કર્યું નથી. હે દેવી! તમે એક વીર પુત્રના માતા બનશો. જે મારી સમાન શક્તિશાળી અને ભગવાનના પરમ સેવક થશે.

સમય જતાં ચૈત્રી સુદ પૂનમના દિવસે સુમેરુ પર્વત ઉપર અંજનીને ત્યાં શિવના અંશ રૂપ તેજસ્વી પુત્રનો જન્મ થયો. માતા પિતા અંજની અને કેસરીને તો આનંદનો પાર ન રહ્યો.

ધીરે ધીરે પુત્ર મોટા થવા લાગ્યા. એક દિવસ પુત્રને પારણામાં સુવડાવી માતા અંજની ફળફૂલ લેવા વનમાં ગયા. સવાર નો સમય હતો. બાળક ઘરમાં એકલો જ હતો. બાળકને ભુખ લાગી ચારે બાજુ જોયું કંઇ દેખાયું નહીં. ત્યાં પૂર્વ દિશામાં નજર કરી ત્યાં સુર્યનારાયણને ઉદય થવાનો સમય હતો. સુર્યનારાયણને જોઇને વિચાર્યુ કે આ સુંદર મજાનું લાલ લાલ મોટું ફળ છે. ખાવાની મજા આવશે. (વાયુપુત્ર હતા એટલે શક્તિ તો હતી જ) તેને પકડવા સુર્ય તરફ કુદકો માર્યો. અને આકાશમાં ઉડવા લાગ્યા. થોડી જ વારમાં સુર્યના રથમાં પહોંચી ગયા અને તેની સાથે રમવા લાગ્યા.

એજ સમયે બન્યુ એવું કે અમાસનો દિવસ હતો અને સુર્યગ્રહણ હતું તેથી રાહુ સુર્યને ગ્રસવા આવતો હતો. તેને ફળ સમજીને પવનપુત્રે રાહુને પકડી લીધો. અંજનીપુત્રની પકડમાંથી માંડ માંડ છટકીને રાહુ રક્ષણ માટે ઇન્દ્ર પાસે ગયો. ઇન્દ્ર ઐરાવત હાથી પર ચઢીને રાહુની મદદે આવ્યો. વાયુપુત્રે ઐરાવત હાથી સાથે આવેલા ઇન્દ્રને પકડવા કુદકો માર્યો ત્યારે ઇન્દ્રે વજ્રનો પ્રહાર કર્યો. તે વજ્રનો ઘા અંજનીપુત્રને લાગ્યો અને તેના લાગવાથી તે બાળકની ડાબી બાજુનું દાઢીનું હાડકું તુટી ગયું અને તે પર્વત ઉપર પડ્યા. પવનદેવ બાળકને ગુફામાં લઇ ગયા. પછી બ્રહ્માદિક સર્વે દેવતાઓ ત્યાં આવ્યા. અને સર્વે દેવતાઓએ વરદાન આપ્યા. ઇન્દ્રે પણ વરદાન આપતા કહ્યું કે મારા વજ્રના પ્રહારથી આ બાળકની હનુ એટલે દાઢી તુટી ગયેલ છે તેથી તેનું નામ હનુમાન પડશે અને એનું અંગ વજ્રના સમાન થશે.

ધીરે ધીરે હનુમાન મોટા થવા લાગ્યા. બાળપણમાં બહુ જ તોફાની હતા. ઋષિઓના આશ્રમમાં જઇ ખુબ તોફાન કરતા ઋષિઓના આસન ફેંકી દે, આશ્રમના ઝાડપાનને નુકશાન પહોંચાડે આમ ઋષિઓના આશ્રમમાં અશાંતિ ફેલાઇ ગઇ આમ ખુબ તોફાન કરતા તેથી ઋષિઓએ હનુમાનને શાપ આપ્યો, કે 'તારી બધી જ શક્તિ ભુલાઇ જાવ'. અંજનીદેવી આવી માફી માંગી ત્યારે ઋષિએ કહ્યુ, કે 'શાપ મિથ્યા નહીં થાય પણ એવું વરદાન આપીએ છીએ કે કોઇ તેને તેની શક્તિની યાદ અપાવશે ત્યારે તેને પોતાના બળનું સ્મરણ થશે ત્યારે ફરીવાર તેનામાં શક્તિ આવી જશે'.

સમય જતાં હનુમાનજીને યોગ્ય ઉંમર થતા વાનરરાજ કેસરીએ હનુમાનજીને ઉપનયન સંસ્કાર કરાવ્યો. વિદ્યાભ્યાસ માટે સુર્યદેવ પાસે મોકલાવ્યા. સુર્યદેવની પાસે રહીને હનુમાનજીએ સંપૂર્ણ વિદ્યાભ્યાસ કર્યો. સુર્યદેવની આજ્ઞાથી હનુમાનજી કિષ્કિન્ધામાં આવી ઋષ્યમુક પર્વત ઉપર સુગ્રીવ પાસે મંત્રી તરીકે રહ્યા. રામચંદ્ર ભગવાનની ખૂબ સેવા કરી. જગતમાં રામ ભક્ત તરીકે પ્રસિધ્ધિને પામ્યા.

એકવાર રામ પ્રસન્ન થઇને વરદાન માંગવા કહ્યું. ત્યારે હનુમાનજીએ માંગ્યું કે જયાં તમારી કથા થતી હોય ત્યાં અખંડ હું રહું. રામે પ્રસન્ન થઇને વરદાન આપ્યુ કે 'જયાં સુધી જગતમાં મારી કથા થતી રહશે ત્યાં સુધી તમે રહેશો' તેથી હનુમાનજી ચિરંજીવી છે. મહાભારતના યુધ્ધમાં શ્રીકૃષ્ણના રથમાં રહીને અર્જુનની રક્ષા કરી હતી. ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા ત્યારે કૃત્યાઓ થકી રક્ષા કરી અને વનમાં કાળભૈરવ થકી રક્ષા કરીને હતી. આમ હનુમાનજી અખંડ ભગવાનની સેવામાં રહેલા છે.

સંત તુલસીદાસજીને ભગવાન રામના દર્શન હનુમાનજીએ કરાવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી સારંગપુરમાં આજે પણ પ્રત્યક્ષ દર્શન આપીને ભક્તજનોના દુઃખ દૂર કરે છે.

બાળ મિત્રો, શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે ભૂત-પ્રેતનું કે અન્ય કોઇ પણ દુઃખ આવી પડે ત્યારે હનુમાનજીને યાદ કરવા. હનુમાનજી આપણા કુળ દેવ છે...

## -: જ્ઞાનમાળા:-

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જ્ઞાતી કઈ હતી?
(અ) તિવારી બ્રાહ્મણ
(બ) સરયૂપારી બ્રાહ્મણ
(ક) સરવરીયા બ્રાહ્મણ
(ડ) તુલજા બ્રાહ્મણ

૨. હું ડુગડુગી વગાડનારો છું ખરા વેષના ભજવનારા પાછળ અવશે આ વાક્ય કોણ કર્યું હતું?
(અ) મુક્તાનંદ સ્વામી
(બ) રામાનંદ સ્વામી
(ક) પ્રેમાનંદ સ્વામી
(ડ) શ્રી સહજાનંદ સ્વામી

૩. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ ઈ.સ.કઈ સાલમાં થયો હતો?
(અ) ૧૭૩૭
(બ) ૧૭૮૧
(ક) ૧૭૩૭
(ડ) ૧૮૮૧

૪. પ્રગટ થયા સુખકારી, આ કીર્તન કોણે બનાવ્યું છે?
(અ) રઘુવીરજી મહારાજ
(બ) અવધપ્રસાદ
(ક) નારણ દાસ
(ડ) વિહારીલાલજી મહારાજ

૫. ધર્મના ચાર પાદના નામ જણાવો?
(અ) સત્ય,સ્નેહ,દયા,તપ
(બ) સ્નેહ,શાંતિ,સત્ય,દયા
(ક) શાંતિ,સંતોષ,દયા,તપ
(ડ) સત્ય,શૌચ,દયા,તપ

૬. શ્રીરામચંદ્ર ભગવાનના ગુરુનું નામ શું હતું ?
(અ) પરશુરામ
(બ) સાંદીપની
(ક) વશિષ્ઠ ઋષી
(ડ) વિશ્વામિત્ર

૭. ભુજ શ્રી ઘનશ્યામમહારાજનો પટોત્સવ ક્યા દિવસે આવે છે?
(અ) વૈશાખ સુદ ૩
(બ) ચૈત્ર સુદ ૫
(ક) ચૈત્ર સુદ ૯
(ડ) વૈશાખ સુદ ૫

૮. છપૈયા અને અયોધ્યા હિન્દુસ્તાનના ક્યા રાજ્યમાં આવે છે?
(અ) રાજસ્થાન
(બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર
(ડ) મધ્યપ્રદેશ

૯. શ્રી ઘનશ્યામલીલામૃત ગ્રંથની રચના કોણે કરેલી છે?
(અ) વિહારીલાલજી
(બ) બ્રહ્માનંદ સ્વામી
(ક) અયોધ્યાપ્રસાદજી
(ડ) ભૂમાનંદ સ્વામી

૧૦. ભક્તિધર્મ સુત શ્રીહરિ, સમરૂ સદાય અનૂપ, આ પદ્ય ક્યા ગ્રંથમાં આવે છે?
(અ) શ્રી ભક્તચિંતામણિ
(બ) શ્રી નિષ્કુળાનંદ કાવ્ય
(ક) શ્રીહરિચરિત્રામૃત
(ડ) શ્રી હરિલીલામૃત

---

### શ્રી ઘનશ્યામ બાલ મંડળની ધાર્મિક પરિક્ષા

બાળ મિત્રો, વેકેશન દરમ્યાન મે મહિનામાં ધાર્મિક પરિક્ષા લાવામાં આવશે. એ પરિક્ષામાં દરેક બાળકોને ભાગ લેવાનો છે. તે વિશેની માહિતી તમારા ગામના સંચાલક તથા તમારા પ્રદેશના સંયોજક પાસેથી મેળવી લેવી.

# -: શબ્દ રચના :-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ★ | ૫ | ૬ |
| | ★ | | ★ | | ★ | ૭ | | | |
| | ★ | ૮ | | ★ | ૯ | | | ★ | |
| ૧૦ | ૧૧ | | ★ | ૧૨ | ★ | | ★ | ૧૩ | |
| ★ | | ★ | ૧૪ | | ૧૫ | | | ★ | |
| ૧૬ | | ★ | ૧૭ | | | ★ | ★ | ૧૮ | |
| ★ | ૧૯ | ૨૦ | ★ | ૨૧ | | ૨૨ | | ★ | |
| ★ | ૨૩ | | ૨૪ | | ★ | | ★ | ૨૫ | |
| ૨૬ | | ★ | | ★ | ૨૭ | | ★ | | ★ |
| ★ | ★ | ૨૮ | | | | ★ | ૨૯ | | |

**આડી ચાવી**

૧. ભુજ શ્રી ઘનશ્યામમહારાજનો ૭૫ વર્ષનો ઉત્સવ. (૭)

૫. વરસાદ સરસાવનાર દેવ (૨)

૭. એક આસનનું નામ (૪)

૮. બદ્રિકાશ્રમમાં શ્રીનરનારાયણદેવ પોતાના ભક્તો માટે કરે છે (૨)

૯. બ્રહ્માજીનો એક દિવસ પૂર્ણ થતા ત્રિલોકીનો .......થાય છે (૩)

૧૦. સોળ ચિહ્નમાંથી એક ચિહ્ન (૩)

૧૩. પાપી જીવને લેવા આવે છે (૨)

૧૪. સમુદ્ર મંથન વખતે થયેલો ભગવાનનો એક અવતાર(૫)

૧૬. અંતઃકરણ માંથી એક (૨)

૧૭. દીનાનાથભક્તનું ગામ (૩)

૧૮. ગુજરાતી મહિનો (૨)

૧૯. સંસારમાં અતિશય આશક્તિ (૨)

૨૧. હણવા યોગ્ય, મારી નાખવા યોગ્ય (૪)

૨૩. રામભક્ત (૪)

૨૫. કચ્છનું પાટનગર (૨)

૨૬. તુલસી લઘુ ભોજન કરે જીવે ......કે સંગ (૨)

૨૭. ચૈત્રસુદ નોમના જેમનો જન્મ છે (૨)

૨૮. ભક્તરાજ અભયસિંહના પિતાનું નામ (૪)

૨૯. એક રાસીનું નામ (૩)

**ઊભી ચાવી**

૧. પાટોત્સવના દિવસે સ્નાન કરવામાં આવે છે તેને....(૪)

૨. ચૌદલોકમાનો એક લોક (૪)

૩. .....હવન, યજ્ઞ (૨)

૪. શ્રીજીમહારાજની અમૃત વાણીનો ગ્રંથ (૫)

૫. અગ્નિના કાળા ધુમાડાથી દિવાલ પર જામતી રજ (૨)

૬. ૨૦૧૭ના ઉજવાસે અમૃત મહોત્સવ શ્રી.......(૮)

૧૧. ધોલેરામાં બિરાજતા દેવ (૬)

૧૨. શ્રી કૃષ્ણનું એક નામ (૫)

૧૫. નવધા ભક્તિમાંથી એક ભક્તિ (૩)

૨૦. દાઢીનો નીચલો ભાગ, ચિબુક, હડપચી,.. (૨)

૨૨. .......નિશ્ચય, ને પક્ષ (૩)

૨૪. ઝમકુબાઇને ભુજમાં રહેવાની આજ્ઞા કરીને આપેલું નામ (૩)

૨૫. ચૌદલોકમાનો એક લોક જ્યા મોક્ષની પ્રાપ્તી થાય છે (૩)

નામ..........................................................................................................

ગામ ..............................તાલુકો........... ઉંમર.......શાળા.............................. ધો....... મો.નં..............................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૫૧/- ધીરુભાઈ પ્રેમજી સાંખલા, દોલતપર હાલે નડીયાદ, સુપુત્ર ચિ. કિશન કુમારના શુભ લગ્ન નિમિત્તે ભેટ
૧૫૦/- મિલીન્દભાઈ ભાવસાર, મહેસાણા, શ્રીહરિકૃષ્ણ મહારાજના મહોત્સવ નિમિત્તે ભેટ
૨૦૦/- હિરેન કલ્યાણ ભુડીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૦૦/- ધર્મ ભદ્રેશભાઈ ચૌહાણ હ. જયંતિભાઈ, આમારા હાલે ગવારસદ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૧/- ચિ. નંદન કુલદીપભાઈ મહેતા, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૦૦૦/- અરજણભાઈ કલ્યાણભાઈ કાબરીયા, ગોડપર, કથા પારાયણ નિમિત્તે ભેટ
૧૫૧/- જશોદાબેન જરદોસ, ભુજ, ચિ. ઈરા જરદોસની સગાઈ અને ગાયત્રી જણસારીની સગાઈ નિમિત્તે ભેટ
૧૫૧/- શિવજી ધનજી માસ્તર પિંડોરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ૭૭ વર્ષ પૂર્ણ થતાં ભેટ
૧૫૧/- ખુશીલ હરિશભાઈ વાગજીયાણી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૧/- ભાવેશ પરબત વિશ્રામ વોરા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૩૦૦/- જેનીલકુમાર સુનિલકુમાર પોકાર, દયાપર હાલે ચીખલી, જન્મદિવસ નિમિત્તે ભેટ
૩૦૦/- વેદકુમાર વિપુલભાઈ પોકાર, દયાપર હાલે ચીખલી, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૦/- નેહા જીતેશ જાદવા, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- ઉપેન્દ્રકુમાર બળદેવભાઈ સોની, વિરમગામ, પૌત્ર ચિ. મંથનના જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- કિશોર ભીમજી મનજી ભુડીયા, સુખપર, લગ્ન પ્રસંગે ભેટ
૧૫૧/- શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કું., કોડકી, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૧૫૧/- ધર્મ સુરેશભાઈ પરબતભાઈ સેંઘાણી, નારણપર, નવી ફોર વ્હીલર ગાડીની ખરીદી તે નિમિત્તે ભેટ
૧૫૧/- હિરેન સામજી વેકરીયા, સુખપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૦/- નિતેશ હરજી વરસાણી, ભાવના હરજી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૫૫૫/- રામજી લાલજી વરસાણી, માધાપર, ચાર રાજ્યોમાં ભાજપ સરકાર આવી તેની ખુશાલીમાં ભેટ
૨૫૦/- અનુપમ એન્ટરપ્રાઈઝ હ. નિલેશ હિરાણી, માધાપર હાલે નૈરોબી, નૈરોબી યુવક મંડળી તરફથી ભેટ
૧૫૧/- અ.નિ. નાનજી મનજી વરસાણી, ભક્તિનગર, સમૂહ ભાગવત નિમિત્તે ભેટ
૧૦૦૦/- રાજેશ ખીમજી વેકરીયા ધ.પ. રસીલાબેન, હ. લાલબાઈ ખીમજી કલ્યાણ વેકરીયા, રામપર હાલે લંડન, લગ્ન નિમિત્તે ભેટ
૧૫૧/- કિશીવ નિલેશ જાદવા પિંડોરીયા, નારણપર ઉ.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૫૧/- ચંપકલાલ વેલજી શાહ હ. હિંમતભાઈ શાહ રવાપર, ચિ. જયકુમારના લગ્ન નિમિત્તે ભેટ
૧૫૧/- શિવજીભાઈ ધનજી પિંડોરીયા (માસ્તર), માધાપર, શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મ જયંતી નિમિત્તે ભેટ
૫૦૦/- હરેશભાઈ ફુફલ, ભુજ, નવી ફોર વ્હીલર ગાડી ખરીદી તે નિમિત્તે ભેટ
૧૦૦૦/- વિનેશભાઈ ચંદ્રકાન્તાભાઈ દેસાઈ, હ. કૃણાલભાઈ, મુંબઈ હાલે યુ. એસ. એ., નવી ફોર વ્હીલર ગાડી લીધી તે નિમિત્તે ભેટ
૧૫૧/- શિવજી ધનજી માસ્તર, માધાપર, તા. ૧૫-૪-૧૭ના સ.ગુ. પૂ. મહંત સ્વામીના જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- પ્રતાપભાઈ કે. જોષી (પોષ્ટવાળા), નારણપર, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૫૦/- ખુશી લાલજી વેલાણી હ. મંજુલા લાલજી, માનકુવા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૫૦૦/- દિપક માવજી વરસાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૫૦૦/- મનજી નાથા મેપાણી, સુખપર હાલે લંડન, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ


૧


૨


૩


૪


૫


૬


૭


૮


૯


૧૦


૧૧


૧૨


૧૩


૧૪


૧૫

(૧-૨) કચ્છની પાકિસ્તાની વિગાર કોર્ટ બોર્ડર ઉપર ભેડીયા બેટ હનુમાનજીના મંદિર સહિત આવાસ સુવિધા ભુજ મંદિર દ્વારા કરી આપવામાં આવશે આ બાબતે BSFના વીર સૈનિકો સાથે પૂ. મહંત સ્વામીની મુલાકાત - ભુજ. (3) શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે ફૂલના હિંડોળે ઝુલતા શ્રી નરનારાયણદેવ, નરનારાયણ નગર-સુખપર. (૪-૫) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંગાટા દ્વારા સ્થાનિક કેનિયન લોકોની અન્ન-વસ્ત્ર સહાય કરવામાં આવી હતી -નાઈરોબી (કેન્યા). (૬-૭-૮) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંગાટામાં રામનવમી તથા શ્રીહરિ જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો-નાઈરોબી (કેન્યા). (૯-૧૦) રિવર કોંગો દેશમાં કચ્છના ભક્તોને સત્સંગ કથાવાર્તાનો લાભ આપવા પધારેલ ભુજના સંતો, યુવા શિબિર-કિંશાસા (કોંગો-આફ્રિકા). (૧૧) શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર નીચલોવાસના ૧૨૩માં પાટોત્સવની પંચ દિવસીય કથાના યજમાન પ.ભ. શામજીભાઈ કેરાઈ પરિવારને પહેરામણી કરતા પૂ.સંતો (૧૨) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પંચાહ્ન પારાયણના યજમાન પ.ભ. ભીમજીભાઈ રામજી હિરાણી પરિવારને પહેરામણી કરતા પૂ. સંતો-નારણપર. (૧૩) શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા વિદ્યાર્થીઓ-ભુજ સ્મૃતિ મંદિર. (૧૪) શ્રીહરિ જયંતીના દિવસે શ્રી ઘનશ્યામ જન્મોત્સવની આરતી ઉતારતા પૂ. મહંત સ્વામી-ભુજ. (૧૫) શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજીત સંત શિબિરમાં જોડાયેલ સંતો-ગંગાજી રામપર - વેકરા

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2017/UPTO 31-12-2017

# ૪૫૧ સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવં નારાયણયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો - ભુજ







સુવર્ણ હાર અર્પણ



સંહિતા પાઠ



બહેનોની સભા



નારાયણ યજ્ઞ





નારાયણ યજ્ઞ સમાપન



મહાઆરતી





મહાપ્રસાદ વ્યવસ્થા